અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૧ એપ્રિલ ૨૦૨૪, ગુરૂવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર સુદ ૩ | અંક : ૨૫૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

મજૂરોને લઈ જતી બસ લાલ મુરુમની ખીણમાં પડી ગઈ હતી | અકસ્માત સમયે બસમાં ૩૦થી વધુ લોકો સવાર હતા

# છત્તીસગઢના દુર્ગ જિલ્લામાં એક માર્ગ અકસ્માતમાં ૧૨ લોકોના મોત

### અકસ્માત સમયે બસમાં ૩૦થી વધુ લોકો સવાર હતા : ૧૫ ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલમાં ભરતી કરાયા : વડાપ્રધાને દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો

| (એજન્સી) રાયપુર, તા.૧૦ |

છત્તીસગઢના દુર્ગ જિલ્લામાં એક માર્ગ અકસ્માતમાં ૧૨ લોકોના મોત થયા છે. જણાવવામાં આવી રહ્યું છે કે, મોડી સાંજે મજૂરોને લઈ જતી બસ લાલ મુરુમની ખીણમાં પડી ગઈ હતી. અકસ્માત સમયે બસમાં ૩૦થી વધુ લોકો સવાર હતા. પોલીસના જણાવ્યા અનુસાર બસ ખાઈમાં પડી જવાને કારણે અત્યાર સુધીમાં ૧૨ લોકોના મોત થયા છે, જ્યારે બાકીના ૧૫ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોવાનું કહેવાય છે. મળતી માહિતી મુજબ કુમ્હારી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ખપરી ગામમાં મુરમની ખીણ છે. કુમ્હારી વિસ્તારમાં બનેલી કેડિયા ડિસ્ટિલરીઝની આ બસ હતી જે આ ઉદ્યોગના કામદારોને લઈ જતી હતી. આ બસમાં ઈન્ડસ્ટ્રીઝના ૩૦ કર્મચારીઓ હતા. આ બસ ખપરી ગામ નજીકથી પસાર થઈ રહી હતી ત્યારે બસ કાબૂ બહાર ગઈ હતી. થોડી જ વારમાં બસ ૪૦ ફૂટ ખીણમાં પડી ગઈ છે. બસ ખીણમાં પડ્યા બાદ સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. આ સમગ્ર મામલે સ્થાનિક લોકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. પોલીસ તાત્કાલિક પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. ૪૦ ફૂટ નીચે પડી ગયેલી બસમાંથી લોકોને કોઈક રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ઘણી એમ્બ્યુલન્સ



અને સ્થાનિક લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. એક પછી એક બધાએ બસની અંદરથી તમામ ઘાયલ અને મૃતદેહોને બહાર કાઢ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું કે, આ માર્ગ અકસ્માત મંગળવારે રાત્રે લગભગ ૮.૩૦ વાગ્યે થયો હતો. હાલમાં ઈજાગ્રસ્તની વ્યવસ્થિત સારવારની વ્યવસ્થા કરવામાં આવી છે અને મૃતકોની ઓળખ કરવામાં આવી રહી છે. હાલ પોલીસ અકસ્માત અંગે મૃતકના પરિજનોને માહિતી આપી રહી છે.

સ્થાનિક પ્રશાસનના તમામ અધિકારીઓ ઈજાગ્રસ્તની હાલત જાણવા હોસ્પિટલ પહોંચી રહ્યા છે. બસને ખીણમાંથી બહાર કાઢવાના પ્રયાસો ચાલુ છે. જે ખીણમાં બસ પડી તે મુખ્ય માર્ગની બરાબર બાજુમાં આવેલી છે, જેની ઊંડાઈ ૪૦ ફૂટથી વધુ હોવાનું કહેવાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ બસ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો. PM Modi એ 'X' પર પોસ્ટ કરીને લખ્યું, ''છત્તીસગઢના દુર્ગમાં જે બસ દુર્ઘટના થઈ તે ખૂબ જ દુઃખદ છે. જેમણે પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે તેમના પ્રત્યે મારી સંવેદના. આ સાથે હું ઘાયલોના ઝડપથી સાજા થવાની કામના કરું છું. ''રાજ્ય સરકારની દેખરેખ હેઠળ, સ્થાનિક વહીવટીતંત્ર પીડિતોને તમામ શક્ય મદદ પૂરી પાડવામાં રોકાયેલું છે.'' છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈએ પણ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેણે 'X' પર લખ્યું કે, ''દુર્ગના કુમ્હારી પાસે એક ખાનગી કંપનીના કર્મચારીઓથી ભરેલી બસના અકસ્માત અંગે દુઃખદ માહિતી મળી હતી.

## ભાજપે રીલીઝ કર્યુ 'નમો'ની રાષ્ટ્ર લાગણીને પ્રતિબિંબિત કરતું ગીત

| નવી દિલ્હી, તા.૧૦ |

લોકસભા ચૂંટણી ખૂબ જ નજીકમાં છે, ત્યારે ભાજપે તેનું થીમ સોન્ગ રીલીઝ કર્યુ છે.ભાજપે રીલીઝ કરેલા આ ગીતમાં સમગ્ર રાષ્ટ્રની લાગણી પ્રતિબિંબિત થતી જોવા મળી રહી છે. આ ગીતમાં દેશના દરેક ખૂણેથી, વિવિધ પૃષ્ઠભૂમિના લોકો, દરેક ભાષામાં બોલતા એકસાથે એક વાત કરતા જોવા મળી રહ્યા છે અને કહી રહ્યા છે કે અમારા સપના ઉડાન ભરી ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કેન્દ્રમાં રાખીને ભાજપે રીલીઝ કરેલા આ ગીતને ૧૨ અલગ-અલગ ભાષાઓમાં ગાવામાં આવ્યું છે અને રાષ્ટ્રની એકતાને દર્શાવવામાં આવી છે. વિવિધતામાં કેવી રીતે ભારતમાં એકતા છે તે જોવા મળી રહ્યુ છે. આ ગીતમાં અંતે હજારો લોકો પીએમ નરેન્દ્ર મોદીની એકીકૃત શક્તિનું પ્રતિનિધિત્વ કરતું એક વિશાળ કોલાજ બનાવવા માટે ભેગા થતા જોવા મળે છે. પાર્ટી દ્વારા જાહેર કરાયેલા આ ગીતના વીડિયોમાં એ વાતને રેખાંકિત કરવામાં આવી છે કે કેવી રીતે વડાપ્રધાન મોદીએ તેમના વચનો અને લોકોના સપના પૂરા કર્યા છે. આ પહેલા જાન્યુઆરી મહિનામાં લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને BJPએ ચૂંટણી પ્રચાર માટે એક થીમ સોંગ રિલીઝ કર્યું હતું. જેમાં પણ ગીતની શરૂઆતમાં કહેવામાં આવ્યું હતું કે સપના નહીં હકીકત વણીએ છીએ,તેથી જ મોદીને પસંદ કરીએ છીએ'

પાર્ટીએ સંજય ટંડનને પોતાના ઉમેદવાર બનાવ્યા

# ભાજપે વધુ એક યાદી જાહેર કરી, ચંદીગઢથી કિરણ ખેરની કપાઈ ટિકિટ

### રીટા બહુગુણા જોશીની ટિકિટ રદ કરીને અલ્હાબાદ બેઠક પરથી નીરજ ત્રિપાઠીને ઉમેદવાર બનાવાયા

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ |

ભારતીય જનતા પાર્ટીએ લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ઉમેદવારોની ૧૦મી લિસ્ટ જાહેર કરી દીધી છે. તેમાં ૯ ઉમેદવારોના નામ સામેલ છે. રસપ્રદ વાત એ છે કે ભાજપે આસનસોલ સીટ પર નવો ઉમેદવાર ઉતાર્યો છે. પહેલા આ સીટ પરથી ભોજપુરી ફિલ્મના સુપરસ્ટાર પવન સિંહને ટિકિટ આપવામાં આવી હતી, પરંતુ તેમણે ચૂંટણી લડવાથી ઈનકાર કરી દીધો હતો. હવે તેની જ્ગ્યાએ એસએસ આહલૂવાલિયાને ટિકિટ આપવામાં આવી છે. આ ઉપરાંત ચંદીગઢથી કિરણ ખેર



અને પ્રયાગરાજથી રીટા બહુગુણા જોશીનું પત્તુ આ વખતે કપાઈ ગયું છે. આ સીટો પર બીજેપીએ નવા ઉમેદવારો ઉતાર્યા છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તથા મુખ્યાલય પ્રભારી અરુણ સિંહે બીજેપી ઉમેદવારોની ૧૦મી લિસ્ટ જાહેર કરી છે. ચંદીગઢથી વર્તમાન સાંસદ કિરણ ખેરની ટિકિટ આ વખતે કપાઈ ગઈ છે. તેના સ્થાને ભાજપે સંજય ટંડનને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. આ ઉપરાંત અલ્હાબાદ લોકસભા સીટ માટે પણ બીજેપીએ આ વખતે ઉમેદવારો બદલી નાંખ્યા છે. રીટા બહુગુણા જોશી અહીંથી બીજેપીની વર્તમાન સાંસદ છે પરંતુ ભાજપે આ વખતે નીરજ ત્રિપાઠીને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. જણાવી દઈએ કે, અલ્હાબાદ લોકસભા સીટની ગણતરી હંમેશા વીવીઆઈપી સંસદીય ક્ષેત્રોમાં થાય છે. આ લોકસભા સીટે દેશને ઘણા પ્રધાનમંત્રી આપ્યા છે. પશ્ચિમ બંગાળની આસનસોલ લોકસભા સીટ પર બધાની નજર હતી. ભાજપે પહેલા અહીંથી ભોજપુરી ફિલ્મોના સુપરસ્ટાર પવન સિંહને પોતાનો ઉમેદવાર બનાવવાની ઘોષણા કરી હતી, પરંતુ પવન સિંહે ચૂંટણી લડવાથી જ ઈનકાર કરી દીધો હતો. તેવામાં ભાજપે આ સીટ પરથી ઉમેદવાર બદલવો પડ્યો. બીજેપી તરફથી જાહેર કરવામાં આવેલી ૧૦મી લિસ્ટમાં એસએસ આહલૂવાલિયાને આસનસોલ લોકસભા સીટ પરથી ઉમેદવારબનાવવામાં આવ્યા છે.

અરવિંદ કેજરીવાલને લાગ્યો મોટો ઝટકો

## દિલ્હી સરકારના મંત્રી રાજકુમાર આનંદે રાજીનામું આપી દીધું

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ |

મુશ્કેલીઓથી ઘેરાયેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને એક બાદ એક મોટા ઝટકાઓનો સામનો કરવો પડી રહ્યો છે. અરવિંદ કેજરીવાલને મોટો ઝટકો આપતા દિલ્હી સરકારના મંત્રી રાજકુમાર આનંદે બુધવારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે પાર્ટીમાંથી પણ રાજીનામું આપી દીધું હતું. આ દરમિયાન રાજકુમારે આમ આદમી પાર્ટી પર ભ્રષ્ટાચાર અને પાર્ટીમાં દલિતોને પૂરતું પ્રતિનિધિત્વ ન મળવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, આમ આદમી પાર્ટીનો જન્મ ભ્રષ્ટાચાર વિરુદ્ધના આંદોલનમાંથી થયો હતો, પરંતુ આજે પાર્ટી પોતે જ ભ્રષ્ટાચારની દલદલમાં ફસાઈ ગઈ છે. આ સરકારમાં મંત્રી તરીકે કામ કરવું મારા માટે અસહજ બની ગયું છે.

તેમણે કહ્યું કે હું આ પાર્ટી, સરકાર અને મંત્રી પદ પરથી રાજીનામું આપું છું. કારણ કે હું નથી ઈચ્છતો કે મારું નામ ભ્રષ્ટાચાર સાથે જોડાય. તમને જણાવી દઈએ કે તેઓ દિલ્હીમાં સમાજ કલ્યાણ મંત્રાલય સંભાળતા હતા.

બાબા રામદેવના સંન્યાસ દિવસે 'છત્રપતિ શિવાજી મહારાજ કથા' યોજાઈ

## સનાતન ધર્મને રાજ્યાશ્રય, કોર્પોરેટ હાઉસ કે રાજકીય પક્ષની જરૂર નથી : બાબા રામદેવ

| (એજન્સી) હરિદ્વાર, તા.૧૦ |

શક્તિ તથા મર્યાદા સાધનાના મહાપર્વ ચૈત્ર નવરાત્રિ અને રામનવમીના અનુસંધાનમાં વેદધર્મ તથા ઋષિધર્મના સંવાહક યોગઋષિ સ્વામી રામદેવજી મહારાજના ૩૦મા સંન્યાસ દિવસના પ્રસંગે પરમ પૂજ્ય સ્વામી શ્રી ગોવિંદદેવજી મહારાજના શ્રીમુખથી હિન્દ સ્વરાજના પ્રણેતા છત્રપતિ શિવાજી મહારાજની યશોગાથા 'છત્રપતિ શિવાજી મહારાજ કથા'નો શુભારંભ આજે હરિદ્વારમાં યોગભવન, પતંજલિ યોગપીઠનાં સભાગૃહમાં થયો છે. કથાના પ્રથમ દિવસે પૂજ્ય સ્વામી રામદેવજી મહારાજ અને આચાર્ય બાલકૃષ્ણજી મહારાજે વ્યાસપીઠને પ્રણામ કરીને પૂજ્ય ગોવિંદદેવ ગિરીજી મહારાજ પાસે કથાનો શુભારંભ કરાવ્યો હતો. સ્વામી ગોવિંદ દેવ ગિરીજી મહારાજે કહ્યું કે, શિવાજી મહારાજનો રાજ્યાભિષેક કોઈ રાજાનો રાજ્યાભિષેક ન



હતો, પરંતુ તે ભારતીય ઈતિહાસની શ્રેષ્ઠત્તમ સુવર્ણ ક્ષણ હતી. આ ઉપરાંત, ભારતીય ઈતિહાસની દ્વિતીય સુવર્ણ ક્ષણ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪નાં રોજ અયોધ્યામાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠાની ક્ષણ હતી. ૧૫ વર્ષના આયુષ્યમાં જ છત્રપતિ શિવાજીએ હિન્દુ સામ્રાજ્યની સ્થાપનાના હેતુસર પ્રતિજ્ઞા લીધી હતી.

કોલકાતા હાઈકોર્ટે મામલામાં આદેશ આપ્યો

## સંદેશખાલીમાં મહિલાઓના શોષણની તપાસ CBI કરશે

### કોલકાતાના સંદેશખાલીમાં EDના અધિકારીઓ પર થયેલા હુમલાની પણ CBI દ્વારા તપાસ કરવામાં આવી રહી છે

| (એજન્સી) સંદેશખાલી, તા.૧૦ |

પશ્ચિમ બંગાળમાં સંદેશખાલીની ઘટનાને લઈને ભારે હોબાળો થયો હતો. હવે કોલકાતા હાઈકોર્ટે સંદેશખાલીમાં મહિલાઓના જાતીય શોષણ અને જમીન પચાવી પાડવાના આરોપોની તપાસ સીબીઆઈને સોંપવાનો આદેશ આપ્યો છે. સંદેશખાલીમાં ઈડીના અધિકારીઓ પર થયેલા હુમલાની પણ CBI દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

બુધવારે પોતાના આદેશમાં કોલકત્તા હાઈકોર્ટે કોર્ટની દેખરેખ હેઠળ સંદેશખાલીમાં મહિલાઓ વિરુદ્ધ ગુનાઓ અને જમીન પચાવી કરવાના આરોપોની સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો હતો. ગત ગુરુવારે હાઈકોર્ટે સંદેશખાલીની ઘટનાઓને લઈને રાજ્ય સરકારને ફટકાર લગાવી હતી. સંદેશખાલીમાં હિંસા વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુનાવણી કરતા કોર્ટે કહ્યું કે આ મામલો ખૂબ જ શરમજનક છે. દરેક નાગરિકને સુરક્ષા આપવાની જવાબદારી રાજ્ય સરકારની છે. કોર્ટે કહ્યું હતુ કે સંદેશખાલી કેસમાં જિલ્લા વહીવટીતંત્ર અને પશ્ચિમ બંગાળ સરકાર બંનેએ નૈતિક જવાબદારી લેવી જોઈએ. સંદેશખાલીની સ્થાનિક મહિલાઓએ આરોપ લગાવ્યો હતો કે સ્થાનિક



ટીએમસી નેતાઓએ તેમની જમીન બળજબરીથી કબજે કરી છે. કેટલીક મહિલાઓએ ટીએમસી નેતાઓ પર બળાત્કારના ગંભીર આરોપો પણ લગાવ્યા હતા. આ મુદ્દે બંગાળના રાજકારણમાં હલચલ મચી ગઈ હતી. વાસ્તવમાં સંદેશખાલી કેસમાં મુખ્ય આરોપી ટીએમસી નેતા શાહજહાં શેખ છે. શાહજહાં શેખ પર ઈડી ટીમ પર હુમલો કરવાનો પણ આરોપ છે. આ ઉપરાંત તેનું નામ બંગાળના રાશન કૌભાંડમાં પણ છે. આ જ કારણ છે કે ભાજપે આ મુદ્દે ટીએમસી સરકારને ઘેરી હતી અને સરકાર પર ગુનાહિત તત્વોને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો હતો.

વાસ્તવમાં કોલકાતા હાઈકોર્ટે સંદેશખાલીમાં કથિત બળાત્કાર, મહિલાઓ પર અત્યાચાર અને જમીન પચાવી પાડવાના આરોપોની સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો છે. બુધવારે સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું હતું કે સંદેશખાલીમાં કેસની જટિલતાને ધ્યાનમાં રાખીને નિષ્પક્ષ તપાસ થવી જોઈએ તેમાં કોઈ શંકા નથી.



## ન્યૂઝ બ્રિફ

### કોલ્હાપુરથી વેપારીનું અપ હરણ કરાયું રાજસ્થાન લઇ જવાતાં પહેલાં છૂટકારો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદ ટ્રાફિક વિભાગના એલ ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનની ટીમે ચૂંટણી સંદર્ભે વાહન ચેકિંગ કરતા તપોવન સર્કલ નજીકથી અપહરણકર્તાઓને ઝડપી લીધા હતા. ટ્રાફિક પોલીસ વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે એક સ્વીફ્ટ ગાડીમાં પાંચ લોકો સવાર હતા. જે તમામ લોકોની પૂછપરછ કરતા પોલીસને શંકા ઉપજી હતી. પાંચમાંથી એક શખ્સે પોતાનું અપહરણ થયુ હોવાનું જણાવતા ટ્રાફિક પોલીસે સમયસૂચકતા દાખવીને અપહૃતને મુક્ત કરાવી ચાર આરોપીની અટકાયત કરીને મહારાષ્ટ્રની પન્હાળા પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી છે. એલ ડિવિઝન ટ્રાફિક પોલીસસ્ટેશનના પીઆઈ એન. એમ. પંચાલની ટીમ ચૂંટણી સંદર્ભે તપોવન સર્કલ નજીક વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે નડિયાદ પાસિંગની એક સ્વીફ્ટ ગાડી શંકાસ્પદ લાગતા પોલીસે તેને રોકી હતી. ગાડીમાં બેઠેલા પાંચ લોકોની પૂછપરછ કરતા યોગ્ય જવાબ ન આપતા પોલીસની શંકા દૃઢ થઈ હતી. તેવામાં ગાડીમાં બેઠેલા હરચંદરામ પુરોહિત (ઉ. ૪૫, રહે. કોલ્હાપુર, મહારાષ્ટ્ર)એ તેની સાથેના ચાર શખ્સોએ તેમનું અપહરણ કર્યુ હોવાનું જણાવ્યુ હતું.

### અમદાવાદ શહેરમાં રોડ પર સ્ટંટ કરતાં રીક્ષાચાલકને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

ટ્રાફિક પોલીસે સ્ટંટ કરતા લોકોને અનેકવાર કાયદાનું ભાન કરાવ્યું હોવા છતાં કેટલાક લોકો સુધરવાનું નામ નથી લઈ રહ્યા. તાજેતરમાં અનેક સ્ટંટ કરતા વીડિયો વાયરલ થયા બાદ પણ એક ચાલકે રીક્ષા સર્પાકાર રીતે ચલાવીને સ્ટંટ કર્યો હતો. લાંભાથી વટવા જતા રોડ પરના આ વીડિયો વાયરલ થતાં ટ્રાફિક પોલીસે રીક્ષા ચાલકની વટવા ખાતેથી ધરપકડ કરી છે. આરોપીએ રીક્ષામાં બે સગીરોને પણ બેસાડીને તેમનો જીવ જોખમાય તે રીતે રીક્ષા ચલાવી હોવાથી પોલીસે રીક્ષા ડીટેઈન કરીને રીક્ષા ચાલકનું ડ્રાઈવિંગ લાયસન્સ રદ કરવા માટે આરટીઓમાં રિપોર્ટ કર્યો છે. એક રીક્ષા ચાલક પૂરઝડપે અને બેદરકારી પૂર્વક રીક્ષા ચલાવીને સ્ટંટ કરી રહ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જેને લઈને ટ્રાફિક પૂર્વના ડીસીપી સફીન હસનની ટીમે વીડિયોની ખરાઈ કરીને આરોપીની ભાળ મેળવવા ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે તપાસ કરતા સ્ટંટ કરનાર ચાલક મોહંમદ અખલાક કયામુદીન શેખ (ઉ.વ.૨૬, રહે.નવાપુરા વટવા) હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે મોહંમદ અખલાકના ઘરે જઈને તેની ધરપકડ કરીપૂછપરછ કરીહતી.પ્રાથમિક પૂછપરછ દરમિયાન મોહંમદ અખલાક રીક્ષા ડ્રાઈવર હોવાનું સામે આવ્યુ હતું. આરોપી શનિવારે બે સગીર સાથે લાંભાથી વટવા તરફ આવી રહ્યો હતો તે સમયે ગુજરાતી ગીત વગાડીને પૂરઝડપે રીક્ષા ચલાવી રહ્યો હતો અને બંને સગીર રીક્ષાની બહાર નીકળીને સ્ટંટ કરી રહ્યા હતા. જેથી પોલીસે રીક્ષા જપ્ત કરી આરોપીનું ડ્રાઈવિંગ લાયસન્સ રદ કરવા માટે આરટીઓમાં રિપોર્ટ પણ કર્યો છે.

## GPBOના ઉદ્યોગસાહસિકોએ લીધા અચૂક મતદાનના શપથ

# અમદાવાદ શહેરના સરદારધામ ખાતે ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશનના સહયોગથી મતદાન જાગૃતિનો કાર્યક્રમ યોજાયો



। અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદ જિલ્લામાં આગામી તા.૭મી મે, ૨૦૨૪ના રોજ યોજાનારી લોકસભા સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને 'મતદાન જાગૃતિ' અન્વયે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અવનવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે, જે અંતર્ગત અનેક જગ્યાએ 'મતદાન જાગૃતિ'ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

અમદાવાદ શહેરના સરદારધામ ખાતે 'મતદાન જાગૃતિ' અભિયાન અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં GPBO (ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન)ના ઉદ્યોગસાહસિકો ઉપસ્થિત રહ્યા હતા. જ્યાં તેમને મતદાન પર્વના મહત્ત્વ વિશે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત ભારતીય ચૂંટણી પંચના નિર્દેશાનુસાર ઉપસ્થિત સૌ લોકોને પ્રેઝન્ટેશન દ્વારા ચૂંટણી અને મતદાન જેવી બાબતોની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. વધુમાં સૌ લોકોને ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલ તમામ વ્યવસ્થાઓ, હેલ્પલાઈન નંબર, સક્ષમ એપ્લિકેશન વિશે પણ માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ ઉદ્યોગસાહસિકોએ દેશહિતમાં અચૂક મતદાનના અને પોતાની કંપનીના સ્ટાફ, મિત્રો અને પરિવારજનોને પણ મતદાન કરાવવાનો સંકલ્પ લીધો હતો.

આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રો જેવા કે, IT, CA, કન્સ્ટ્રકશન, ટુરિઝમ, ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ, એજ્યુકેશન, ઈવેન્ટ અને ફૂડ જેવા ક્ષેત્રો સાથે સંકળાયેલા બિઝનેસમેન અને ઉદ્યોગસાહસિકો ઉપસ્થિત રહ્યા હતા.

આગામી સમયમાં GPBO (ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન) દ્વારા અનેક લોકો સુધી 'મતદાન જાગૃતિ'નો સંદેશો પહોંચાડી મહત્તમ મતદાન થાય તે દિશામાં પ્રયાસ કરવામાં આવશે. આ પ્રસંગે GPBOના વિરાજ પટેલ, કલ્પેશ વઘાસિયા, બ્રિજેશ પટેલ, સંજય પટેલ, મિતેષ દઢાણીયા, ભાવિક હિંગરાજિયા અને સ્વીપ એક્ટિવિટીના નોડલ ઓફિસર યોગેશ પારેખ ઉપસ્થિત રહ્યા હતા.

# લો ગાર્ડન ખાતે વેપારીઓએ અચૂક મતદાનના શપથ ગ્રહણ કર્યા



। અમદાવાદ, તા.૧૦ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ચૂંટણી તંત્ર અને શિક્ષણાધિકારીની કચેરી દ્વારા મતદાન જાગૃતિ અને અચૂક મતદાનના પ્રચાર માટે અનેકવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે.

મતદાન જાગૃતિ કાર્યક્રમના ભાગરૂપે શહેરના બગીચાઓમાં સવારે ચાલવા આવતા, કસરત અને યોગ કરતા વિવિધ ગ્રુપમાં મતદાન જાગૃતિ ફેલાવવામાં આવે છે તેમજ નાગરિકોને અચૂક મતદાન કરવા માટે પ્રેરવામાં આવે છે. આવા જ એક કાર્યક્રમ અંતર્ગત શહેરના લો ગાર્ડન ખાતે લૉ ગાર્ડન વેપારી ગ્રુપને જિલ્લા શિક્ષણાધિકારીની



કચેરી વતી ડૉ. એમ. આર કુરેશી મદદનીશ નોડલ ઓફિસર દ્વારા મતદાન જાગૃત્તિ અંગે માહિતી પૂરી પાડીને અચૂક મતદાનના શપથ લેવડાવવામાં આવ્યા હતા. વેપારીઓએ શપથ ગ્રહણ કરીને ફરજિયાત મતદાન કરશે તથા અન્યોને પણ કરાવશે તેવી ખાતરી આપી હતી.

## ૧૫ થી ૨૦ સેકન્ડ ભુકંપનું કંપન અનુભવાયું હતું । ભાવનગરથી ૧૭ કિલોમીટર ભૂકંપનું કેન્દ્ર બિંદુ નોંધાયું

# ભાવનગર વિસ્તારમાં ભૂકંપ આવતા ફફડાટ, લોકો ઘરની બહાર દોડી આવ્યા

। (એજન્સી) ભાવનગર, તા.૧૦ ।

ભાવનગરમાં ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ૩.૨ ની તીવ્રતાનો આંચકો અનુભવાતા ફફડાટ ફેલાયો હતો. મળતી માહીતી પ્રમાણે ૧૫ થી ૨૦ સેકન્ડ ભુકંપનું કંપન અનુભવાયું હતું. જેના કારણે લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ૩.૨ તીવ્રતાનો ભૂકંપ ૯ અને ૫૨ મિનિટ પર અનુભવાયો હતો. ભાવનગરથી ૧૭ કિલોમીટર ભૂકંપનું કેન્દ્ર બિંદુ હોવાની માહિતી સામે આવી છે.

ભાવનગરના ગ્રામ્ય વિસ્તાર અને શિહોર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આ ધરતીકંપનો આંચકો અનુભવાયો છે. જોકે હાલ ભાવનગર ડિઝાસ્ટર વિભાગ દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે કે આ ધરતીકંપમાં કોઈપણ જાનહાની કે નુકસાન થયું નથી. ઘોઘા તાલુકાના સાણોદર કુકડ, ગોરિયાળી, કંટાળા (રામપર) ભાખલ, લાકડીયા, નવાગામ (નાના), બાડી, પડવા, ભંડારીયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રીના ૯.૫૨ મીનીટે ૩.૨ ની તીવ્રતા ભૂકંપનો હળવો આંચકો અનુભવાયો હતો. તો બીજી તરફ ૨૫ માર્ચે ઉત્તરી પાપુઆ ન્યુ ગિનીમાં ૬.૯ ની તીવ્રતાના ભૂકંપથી ઓછામાં ઓછા પાંચ લોકો માર્યા ગયા હતા અને અંદાજિત ૧,૦૦૦ ઘરો નાશ પામ્યા હતા, અધિકારીઓએ જણાવ્યું હતું કે આપત્તિના કર્મચારીઓએ સ્થળ પર જઈને જાણકારી મેળવી હતી. લગભગ ૧,૦૦૦ ઘરો તૂટી ગયા હતા. રવિવારે વહેલી સવારે જ્યારે ભૂકંપ આવ્યો ત્યારે દેશની સેપિક નદીના કિનારે આવેલા ડઝનેક ગામો પહેલાથી જ મોટા પૂરનો સામનો કરી રહ્યા હતા. પાપુઆ ન્યુ ગિનીમાં ધરતીકંપો સામાન્ય છે, જે ધરતીકંપની "રિંગ ઓફ ફાયર" ની ટોચ પર બેસે છે - તીવ્ર ટેકટોનિક પ્રવૃત્તિનો એક ચાપ જે દક્ષિણપૂર્વ એશિયા અને પેસિફિક બેસિનમાં ફેલાયેલો છે. જો કે તેઓ ભાગ્યે જ ઓછી વસ્તીવાળા જંગલ હાઈલેન્ડ્સમાં વ્યાપક નુકસાન પહોંચાડે છે, તેઓ વિનાશક ભૂસ્ખલનને ઉત્તેજિત કરી શકે છે. ટાપુ રાષ્ટ્રના નવ મિલિયન નાગરિકોમાંથી ઘણા મોટા નગરો અને શહેરોની બહાર રહે છે, જ્યાં મુશ્કેલ ભૂપ્રદેશ અને સીલબંધ રસ્તાઓનો અભાવ શોધ-અને-બચાવના પ્રયત્નોને ગંભીરપણે અવરોધે છે.

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અનુસાર, ભૂકંપ દરમિયાન ગભરાશો નહીં, શાંત રહો. ટેબલની નીચે જાઓ અને તમારા માથાને એક હાથથી ઢાંકો. બહાર આવ્યા પછી ઈમારતો, વૃક્ષો અને થાંભલાઓથી દૂર રહો. આ સિવાય લિફ્ટનો ઉપયોગ ન કરો. જો તમે વાહનની અંદર હોવ તો તેને રોકો. ભૂકંપ પછી ક્ષતિગ્રસ્ત ઈમારતોમાં ન જશો અને સીડીનો ઉપયોગ કરશો નહીં. ભૂકંપના નુકસાનને ટાળવા માટે, દિવાલો અને છતની તિરાડોને સમયાંતરે રીપેર કરાવો.

## પાડોશમાં રહેતી સગીરાને છેડતી બાદ વૃદ્ધે આપઘાત કરવાનું તરકટ રચ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

અમરાઈવાડીમાં પાડોશમાં રહેતા વૃદ્ધે એકલતાનો લાભ લઈને સગીરા સાથે શારીરિક અડપલાં કરતા સગીરા ગભરાઈને પાડોશીના ઘરે જતી રહી હતી. પીડિતાએ પાડોશી વૃદ્ધના કરતૂત અંગે પાડોશીને હકીકત જણાવી હતી. પાડોશીએ સગીરાના માતા-પિતાને જાણ કરી હતી. આરોપીનો ભાંડો ફૂટી જતા વૃદ્ધ ઈન્દિરા બ્રિજ નજીક નર્મદા કેનાલમાં આત્મહત્યા કરવા દોડી ગયો હતો. ત્યાંથી પત્નીને વીડિયો કોલ કરીને જાણ કરી હતી. સગીરાની માતાએ વૃદ્ધ વિરુદ્ધ અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધીને વૃદ્ધ આરોપીની ધરપકડ કરી છે. અમરાઈવાડીમાં રહેતી ૪૦ વર્ષીય પરણિતા પતિ અને બે સંતાનો સાથે રહે છે. શનિવારે પતિ-પત્ની સામાજિક કામે ગયા હતા અને સગીર દીકરીની પરીક્ષા ચાલતી હોવાથી પાડોશમાં રહેતા સંબંધીને ત્યાં મૂકીને ગયા હતા.

સવારે સગીરાને ટ્યૂશન જવાનું હોવાથી ચોપડા લેવા ઘરે આવી ત્યારે પાડોશમાં રહેતા ૬૧ વર્ષીય વૃદ્ધ વિપુલ (નામ બદલેલ છે) સગીરાના ઘરે આવ્યા અને પૂછ્યું કે તારા માતાપિતા ક્યારે આવવાના છે? સગીરાએ જવાબ આપ્યો કે તેઓ બહારગામ ગયા છે માટે વાર લાગશે. આટલું બોલતાની સાથે જ વૃદ્ધ ઘરમાં અંદર આવી ગયો હતો સગીરા સાથે જબરજસ્તી કરવા લાગ્યો હતો.

## કારચાલકે ત્રણ લોકોને અડફેટે લીધા, મહિલાનું મોત નિપજ્યુ

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

શહેરના સરથાણા વિસ્તારમાં એક કાર ચાલકે બેકાબુ બની ત્રણ લોકોને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં એક મહિલાનું ઘટના સ્થળે મોત થયાની વિગતો સામે આવી હતી. ચાલક નશાની હાલતમાં હોવાનું સામે આવતાની સાથે જ સરથાણા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ કારચાલકને ઝડપી પાડ્યો હતો. તપાસ કરતા કારચાલક ગાડીમાં નશાની હાલતમાં હોવાની સાથે નાશો કરવાનો સામાન પણ મળી આવ્યો હતો. પોલીસે આ મામલે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે. સુરતના સરથાણા જકાતનાકાથી સરથાણા પોલીસ સ્ટેશન આવતા રસ્તામાં વર્જ ચોક નજીક એક કારચાલક બેકાબુ ગતિએ દોડી આવ્યો હતો અને ત્યાંથી પસાર થતાં મોટરસાયકલ અને રીક્ષાને અડફેટે લીધા હતા. જેને લઈને રસ્તામાં પસાર થતી એક વૃદ્ધ મહિલાને શરીરે ગંભીર ઈજા થઈ હતી.

આ મહિલાને સારવાર મળે પહેલા જ તેનું ઘટના સ્થળે મોત થયું હતું. અકસ્માતના પગલે સ્થાનિક લોકો તાત્કાલિક ઘટના સાથે દોડી આવ્યા હતા અને અકસ્માતની જાણ સુરતની સરથાણા પોલીસને કરતા સરધાના પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી કારચાલકને અટકાયત કરી પોલીસ મથકે લઈ ગઈ હતી.

## હાલમાં પોસ્ટ ગ્રેજ્યુએટની પરીક્ષા ચાલી રહી છે

# સરદાર પટેલ યુનિવર્સિટીની યુજી અને પીજીની પરીક્ષામાં ૫૭ કોપી કેસ નોંધાયા

### યુજીની પરીક્ષામાં સૌથી વધુ બી.કોમ ચોથા સેમેસ્ટરમાં ૧૧ વિદ્યાથી કોપી કરતા ઝડપાયા

। (એજન્સી) આણંદ, તા.૧૦ ।

સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલી અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટની પરીક્ષામાં ૫૭ કોપી કેસ નોંધાયા છે, જેમાં સૌથી વધુ બી.કોમ ચોથા સેમેસ્ટરમાં ૧૧ વિદ્યાથી કોપી કરતાં ઝડપાયા છે. યુનિવર્સિટીની અંડર ગ્રેજ્યુએટ-યુ.જીની મોટાભાગની પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે, હાલમાં પોસ્ટ ગ્રેજ્યુએટની પરીક્ષા ચાલી રહી છે. યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના જણાવ્યા અનુસાર યુનિવર્સિટીની પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ના થાય અને વિદ્યાથીઓ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી શકે તે માટે યુનિવર્સિટી તંત્ર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આમછતાં પરીક્ષા દરમ્યાન કોપી કરતાં ઝડપાયેલા વિદ્યાથીઓ સામે કોપી કેસ નોંધવામાં આવ્યા છે. યુનિવર્સિટીની પરીક્ષામાં બીસીએ ચોથા સેમેસ્ટરમાં એક, બીકોમ છઠ્ઠા સેમેસ્ટરમાં છ, બી.એસસી છઠ્ઠા સેમેસ્ટરમાં બે, બી.એ ચોથા સેમેસ્ટરમાં આઠ, બી.કોમ ચોથા સેમેસ્ટરમાં અગિયાર, બી.એડ ચોથા સેમેસ્ટરમાં એક, બીસીએ છઠ્ઠા સેમેસ્ટરમાં એક, બી.એ છઠ્ઠા સેમેસ્ટરમાં એક, એલએલબી છઠ્ઠા સેમેસ્ટરમાં ત્રણ, બી.એસસી ચોથા સેમેસ્ટરમાં ચાર, એમકોમ પ્રથમ સેમેસ્ટરમાં એક, એમએસડબલ્યુ પ્રથમ સેમેસ્ટરમાં એક, એમ.એડ બીજા સેમેસ્ટરમાં એક, બીબીએ ચોથા સેમેસ્ટરમાં એક, એમકોમ બીજા સેમેસ્ટરમાં ત્રણ, એલએલએમ બીજા સેમેસ્ટરમાં એક, એમ.એસસી સ્ટેટેસ્ટીક્સ ત્રીજા સેમેસ્ટરમાં એક, એમ.એડ પ્રથમ સેમેસ્ટરમાં એક, એમ.એમ હિસ્ટ્રી બીજા સેમેસ્ટરમાં એક, એમ.એસસી કેમેસ્ટરી ચોથા સેમેસ્ટરમાં એક, બી.એ બીજા સેમેસ્ટરમાં ચાર, બી.એ એલએલબીમાં એક અને બી.એસસી બીજા સેમેસ્ટરમાં એક મળીને કુલ ૫૭ કોપી કેસ નોંધાયા છે.

# બનાસ ડેરી સણાદર ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં પ્રાકૃતિક કૃષિ સંવાદ યોજાયો

## રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ગામે ગામ પહોંચીને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી થકી માનવજીવનને સુરક્ષિત કરવાના અભિયાન સાથે જીવન પરિવર્તનનું મોટું કાર્ય કર્યુ છે : શંકરભાઈ ચૌધરી

। (એજન્સી) સણાદર ।

બનાસકાંઠા જિલ્લાના દિયોદરના સણાદર ખાતે આવેલી બનાસ ડેરીમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ સંવાદ યોજાયો હતો. રાજ્યપાલશ્રીએ ડેરી ખાતે આઈસ્ક્રીમ પ્લાન્ટ તથા પોટેટો પ્લાન્ટની મુલાકાત લઈ ડેરી વિશે જાણકારી મેળવી હતી. ભારતીય નવું વર્ષ - ચૈત્ર માસના પ્રારંભે શુભકામનાઓ આપી રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ બનાસ ડેરીમાં મોટી સંખ્યામાં આવેલા પશુપાલકો અને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે વિગતવાર માહિતી આપી પ્રાકૃતિક કૃષિ તરફ વળવા અનુરોધ કર્યો હતો.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લાના અનેક ખેડૂતો એકતા, સંગઠન અને સહકારિતાના ભાવ સાથે ખૂબ પ્રગતિ કરી રહ્યા છે અને ખૂબ આવક મેળવી રહ્યા છે, તે બનાસ ડેરીના માધ્યમથી ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં થયું છે. આજે જ્યારે દુનિયાની સૌથી મોટી સમસ્યા ગ્લોબલ વૉર્મિંગ છે, જેનાથી માનવજીવનને ખૂબ મોટું નુકશાન થઈ રહ્યું છે, ત્યારે પ્રાકૃતિક ખેતીથી તેને નિવારી શકાય છે. ન્યુયોર્કની એક આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજન્સીના ભારતના આંધ્રપ્રદેશના સંશોધનાત્મક અહેવાલ વિશે જણાવતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારે વરસાદથી ખેતરોમાં ખૂબ મોટા પ્રમાણમાં પાણી ભરાઈ રહે છે. જેના કારણે જમીન અને પાકને ખૂબ મોટું નુકશાન થાય છે. આવા સમયે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના ખેતરોમાં ખૂબ જ ઓછું નુકશાન થાય છે, જ્યારે રાસાયણિક ખેતી કરતા ખેડૂતોને ખૂબ મોટા પ્રમાણમાં નુકશાન થાય છે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી અંગેનો ભેદ સ્પષ્ટ કરી પ્રાકૃતિક ખેતીના ફાયદા



અને મહત્વ ખૂબ સરળ ભાષામાં સમજાવ્યા હતા. ડીએપી અને યુરિયા જેવા રાસાયણિક ખાતરોના વપરાશથી જમીનની ઉપરનું પડ ખૂબ સખત બની જાય છે, જેથી પાણી જમીનમાં શોષાતું નથી અને ખેતરોમાં ભરાઈ રહે છે. જેને લીધે ખેતર બંજર અને બિન ઉપજાઉ બની જાય છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગથી કેન્સર સહિતના ગંભીર રોગોનો ખતરો રહે છે. જ્યારે પ્રાકૃતિક ખેતીથી પાણી જમીન પર ભરાઈ રહેવાને બદલે ઝડપથી શોષાઈ જાય છે અને જમીન મુલાયમ અને ફળદ્રુપ બને છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ખેતીલાયક જમીન અને ખેતીને જો બચાવવી હશે તો દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી જ શ્રેષ્ઠ વિકલ્પ છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અને જીવામૃત બનાવવાની રીત સમજાવી લોકોને રાસાયણિક ખાતરોનો વપરાશ છોડી તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું.

બનાસ ડેરીના ચેરમેન અને વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ ઋષિતુલ્ય જીવન જીવતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, તેમણે ગામે ગામ પહોંચીને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી થકી માનવજીવનને સુરક્ષિત કરવાના અભિયાન સાથે જીવન પરિવર્તનનું મોટું કાર્ય કર્યું છે. અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિથી ખેડૂતોને ખૂબ ફાયદો થશે અને નાગરિકોને ઝેરમુક્ત ખોરાક મળી રહેશે, આપણે સૌ બનાસકાંઠાવાસીઓ ભેગા મળીને આ કાર્યને આગળ લઈ જઈએ. પ્રાકૃતિક કૃષિને વેગ મળે એ હેતુથી પ્રાકૃતિક ખોરાકનું બ્રાન્ડીગ બનાસ ડેરીના માધ્યમથી કરવામાં આવે છે. આજે બનાસ ડેરીના માધ્યમથી એક કરોડ કરતાં વધુ વૃક્ષો વાવીને બનાસની ધરતી પર વૃક્ષોનું વાવેતર અને જતન કરવામાં આવે છે. બનાસ ડેરી ગાયના ગોબરમાંથી CNG તૈયાર કરીને વેચાણ કરે છે તથા જાપાનની કંપની સાથે MOU પણ કર્યા છે, જેનાથી ખેડૂતો દૂધની જેમ ગોબરથી પણ આવક મેળવી રહ્યા છે. આ પ્રસંગે બનાસ ડેરીના વાઈસ ચેરમેનશ્રી ભાવાજીભાઈ રબારી, એમડી શ્રી સંગ્રામભાઈ ચૌધરી સહિત મોટી સંખ્યામાં ખેડૂતો, પશુપાલક ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

### બાબા રામદેવ-બાલકૃષ્ણ પર સુપ્રીમ કોર્ટ લાલઘૂમ

# અમે આંધળા નથી, પરિણામ તો ભોગવવા પડશે : સુપ્રીમ

## કેન્દ્રએ કહ્યું છે કે કોઈપણ વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબ આયુષ અથવા એલોપેથીની સારવાર લઈ શકે છે



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।**

યોગ ગુરુ બાબા રામદેવની કંપની પતંજલિ આયુર્વેદ દ્વારા જાહેરખબરોમાં કરાયેલા દાવા અંગે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પણ નોટિસ ફટકારી હતી. આ અંગે જવાબ આપતા કેન્દ્રએ કહ્યું છે કે કોઈપણ વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબ આયુષ અથવા એલોપેથીની સારવાર લઈ શકે છે. બંને સિસ્ટમમાં જોડાયેલા લોકો માટે એકબીજાને દોષી ઠેરવવા અને નીચા દેખાડવા યોગ્ય નથી. આ દરમિયાન બાબા રામદેવ અને તેમના સહયોગી આચાર્ય બાલકૃષ્ણ આજે ફરી કોર્ટમાં હાજર થયા હતા. તેમણે ફરી એકવાર કોર્ટમાં માફી માગી હતી, પરંતુ તેઓની મુશ્કેલી ઓછી થવાનું નામ નથી લઈ રહી. જસ્ટિસ અમાનુલ્લાહ અને જસ્ટિસ હીમા કોહલીની બેન્ચે આ મામલે સુનાવણી કરતાં કહ્યું કે, તમે ત્રણ ત્રણ વખત આદેશની અવગણના કરી છે. હવે તેના પરિણામ ભોગવવા પડશે. અમે આંધળા નથી. આ સાથે જ કેન્દ્ર સરકારના જવાબ સામે પણ અસંતોષ વ્યક્ત કર્યો હતો.

આ કેસમાં સુપ્રીમ કોર્ટે નોટિસ ફટકાર્યા બાદ કેન્દ્ર સરકારે પણ જવાબ આપવો પડ્યો છે. આ અંગે જસ્ટિસ કોહલીએ કહ્યું છે કે, 'આયુષ મંત્રાલય અત્યાર સુધી કાર્યવાહી માટે રાહ કેમ જોઈ રહ્યું હતું. અત્યાર સુધી કોઈપણ કોર્ટ સમક્ષ તેની સામે અરજી કેમ ના કરી?' બીજી તરફ, સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડ સરકારને પૂછ્યું કે, 'પતંજલિએ તમારી સમક્ષ આપેલા નિવેદનનું ઉલ્લંઘન કર્યું તો તમે શું કર્યું? બેસી રહ્યા તમે, અમારા આદેશની રાહ જોતા રહ્યા? તમે કોઈ કાર્યવાહી કેમ ન કરી. આવું ૬ વખત થયું છે. વારંવાર લાઈસન્સિંગ ઈન્સપેક્ટર મૌન રહ્યા. અધિકારીઓ તરફથી પણ કોઈ રિપોર્ટ નથી. ત્યાર પછી નિમણૂક અધિકારીએ પણ આવું જ કર્યું. આ ત્રણેય અધિકારીઓને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવે.' અગાઉ કોર્ટે કહ્યું હતું કે, 'પતંજલિની જાહેરખબરો નિયમો વિરુદ્ધ છે.' આ ઉપરાંત કોર્ટે બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ પર પણ યોગ્ય એફિડેવિટ દાખલ ન કરવા બદલ પણ નિશાન સાધ્યું હતું. એટલું જ નહીં ગત મહિને કોર્ટે પતંજલિ દ્વારા માંગવામાં આવેલી માફી સ્વીકારવાનો પણ ઈનકાર કરી દીધો હતો. ત્યારબાદ કોર્ટે કહ્યું હતું કે, 'બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ ફરી એક નવી એફિડેવિટ સાથે હાજર થાય. આજે બંને ફરી કોર્ટમાં હાજર થયા છે.' આ મામલે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પણ તીખા સવાલ પૂછ્યા હતા અને કહ્યું હતું કે, 'અમને આશ્ચર્ય થાય છે કે તમે પણ આ મામલે પોતાની આંખો કેવી રીતે બંધ રાખી.' આ અંગે કેન્દ્ર સરકારે જવાબ આપ્યો હતો કે, 'જો કોઈ જાહેરખબરમાં જાદુઈ સારવારની વાત કરાય છે, તો રાજ્યો પાસે તેની વિરુદ્ધ કાર્યવાહી કરવાનો સંપૂર્ણ અધિકાર છે. જો કે અમે કાયદા પ્રામણે નિર્ણય લીધો હતો. પતંજલિએ કોરોનાનો સામનો કરવા કોરોનિલ દવા તૈયાર કરી હતી. તે અંગે જાહેરખબર આવતા જ પતંજલિને કહેવાયું હતું કે, જ્યાં સુધી આ મામલાનું પરીક્ષણ આયુષ મંત્રાલય કરી રહ્યું છે, ત્યાં સુધી આવી જાહેરખબરો ના આપો.' આ ઉપરાંત કેન્દ્રએ દાવો કર્યો હતો કે, 'અમે લાઈસન્સિંગ ઓથોરિટીને જણાવ્યું હતું કે કોરોનિલ દવા સંક્રમણનો સામનો કરવામાં એક સહાયક દવા તરીકે છે. અમે કોરોનાને ખતમ કરવાના ખોટા દાવા અંગે પણ ચેતવણી આપી હતી. આ સિવાય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કહેવાયું હતું કે, તમે આવી જાહેરખબરો પર રોક લગાવો. અમારી નીતિ એ છે કે દેશમાં ચિકિત્સાની આયુષ અને એલોપેથીની પદ્ધતિ એક સાથે કામ કરે.'

### ૪૦૦થી વધુ સીટ જીતવાના દાવા વચ્ચે પડકાર

# ૧૧ રાજ્યોમાં તો ભાજપ માટે ખાતું ખોલવું એ જ મોટો પડકાર

## જો ૨૦૧૯ના પરફોર્મન્સને આધાર બનાવીએ તો હાલ ભાજપ માટે આ કહેવું થોડું મુશ્કેલ સાબિત થશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।**




ભાજપે આ વખતે લોકસભા ચૂંટણીમાં પોતાના માટે મિશન ૪૦૦ નક્કી કર્યું છે. ચૂંટણીમાં ૪૦૦ સીટ જીતવાનો દાવો થઈ રહ્યો છે. ભાજપને 'મોદીની ગેરંટી' પર અખૂટ વિશ્વાસ છે. પરંતુ જો ૨૦૧૯ના પરફોર્મન્સને આધાર બનાવીએ તો હાલ ભાજપ માટે આ કહેવું થોડું મુશ્કેલ સાબિત થશે. દક્ષિણ ભારતીય રાજ્યોમાં ભાજપના ખરાબ પ્રદર્શનનો મુદ્દો તો છે જ પરંતુ દેશના ૧૧ રાજ્યો એવા છે કે જ્યાં ભાજપ ખાતું ખોલાવવામાં પણ અસફળ રહ્યું છે. આવામાં સવાલ એ ઉઠે છે કે શું ભાજપને આ દાવામાં સફળતા મળી શકશે ખરી?

૨૦૧૯ની ચૂંટણીના દેખાવના આધારે ભાજપે આ વખતની લોકસભા ચૂંટણી માટે યોજના ઘડી છે. ૨૦૧૯માં ભાજપને ૩૦૩ બેઠકો મળી હતી જ્યારે ભાજપના નેતૃત્વવાળા ગઠબંધન દ્ગઢછ ને ૩૫૦ બેઠકો મળી હતી. એવામાં જોઈએ તો ભાજપ ગઠબંધન દ્ગઢછ એ મિશન ૪૦૦ માટે ફક્ત ૫૦ બેઠકો જ વધારવાની છે. પરંતુ આ જેટલું દેખાય છે તેટલું સરળ નથી. જો ૨૦૧૯ પ્રમાણે ભાજપનો દેખાવ જોઈએ તો પહેલા એવા રાજ્યો આવે કે જ્યાં ભાજપે ક્લીન સ્વીપ કર્યું હતું એટલે કે તમામ બેઠકો જીતી હતી. એવા ૧૦ રાજ્યો છે. ત્યારબાદ એવા રાજ્યો આવે જ્યાં ભઆજપે તમામ બેઠકો હારી હતી એટલે કે ખાતું પણ ખૂલ્યું નહતું અને આવા ૧૧ રાજ્યો છે. ત્યારબાદ એવા રાજ્યો લઈએ જ્યાં ભાજપ પોતે મજબૂત છે અને તેના સહયોગીઓ પણ એટલા મજબૂત હતા જેના સહારે એકબીજા માટે સીટો મેળવવામાં સફળ રહ્યા. લોકસભા ચૂંટણી ૨૦૧૯માં એવા ૧૧ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો હતા જ્યાં ભાજપનું ખાતું પણ ખૂલ્યું નહતું. એટલે કે કોઈ સીટ મળી નહતી. આ રાજ્યોમાં આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, કેરળ, મેઘાલય, સિક્કિમ, પુડુચેરી, આંદમાન નિકોબાર ટાપુઓ, નાગાલેન્ડ, મિઝોરમ, લક્ષદ્વીપ અને દાદરા તથા નાગર હવેલી સામેલ છે. સ્પષ્ટ છે કે જો ૪૦૦ બેઠકો મેળવવી હોય તો આ માટે ભાજપ અને તેના સહયોગી પક્ષોએ જ્યાં એક પણ સીટ નથી મળી તેવા આ ૧૧ રાજ્યોમાં દેખાવ સુધારવો ખુબ જરૂરી છે. જેમાંથી ૩ સૌથી મહત્વના રાજ્યો છે તે છે આંધ્ર પ્રદેશ (૨૫ બેઠક), તમિલનાડુ (૩૯ બેઠક), કેરળ (૨૦ બેઠક) છે. જેમાં લોકસભાની ૮૫ બેઠકો પડે છે. આ ઉપરાંત મેઘાલય (૨), જ્યારે મિઝોરમ, નાગાલેન્ડ, લક્ષદ્વીપ, સિક્કીમ, આંદમાન અને નિકોબાર ટાપુઓ, પુડુચેરી, તથા દાદરા અને નાગર હવેલીમાં ૧-૧ લોકસભા બેઠક છે. આવામાં જોઈએ તો આ ૧૧ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ ૯૩ લોકસભા સીટો છે જે ૫૪૩ સીટોનો એક મોટો હિસ્સો છે. જો આ સીટો હટાવી દેવામાં આવે તો બાકી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૪૪૩ સીટો જ બચે છે એટલે કે આ બેઠકોના દમ પર ભાજપ ગઠબંધન ૪૦૦ સીટનો આંકડો સ્પર્શી શકે નહીં. ભાજપે દક્ષિણ ભારતની આ ૮૯૩ બેઠકોની ખોટ પૂરી કરવા માટે એવી ૧૪૪ બેઠકો પર ફોકસ કર્યું છે જેના પર તે અથવા તો તેમના સહયોગી પક્ષ બીજા કે ત્રીજા નંબરે હતા.

### ખાસ હવન ઉપરાંત અનેક ધાર્મિક વિધિઓ યોજાઇ

# નવરાત્રિના પ્રથમ દિવસે વૈષ્ણોદેવી મંદિરમાં હજારો ભક્તો ઉમટ્યા

## ધાર્મિક વિધિઓમાં શ્રદ્ધાળુઓની સાથે સાથે બોર્ડના સભ્યો અને અન્ય અધિકારીઓ પણ હાજર રહ્યા હતા

**। (એજન્સી) જમ્મુ, તા.૧૦ ।**

જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં આવેલા માતા વૈષ્ણો દેવી મંદિરમાં મંગળવારથી નવ દિવસની 'ચૈત્ર નવરાત્રી' શરૂ થતાં જ દેશભરમાંથી હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. આ દિવસે પવિત્ર ગુફામાં શુભ અવસર પર અન્ય ધાર્મિક વિધિઓ ઉપરાંત શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડ દ્વારા આયોજિત એક વિશેષ હવન 'શત ચંડી મહાયજ્ઞ', યોજવામાં આવ્યો હતો.

બોર્ડના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ત્રિકુટા પહાડીઓ પર સ્થિત મંદિરમાં પવિત્ર ધાર્મિક વિધિઓ સમગ્ર નવરાત્રિ દરમિયાન યોજવામાં આવે છે અને તે બધા માટે સંવાદિતા, વિપુલતા અને સારા સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવે છે. ધાર્મિક વિધિઓમાં શ્રદ્ધાળુઓની સાથે સાથે બોર્ડના સભ્યો અને અન્ય અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. નવરાત્રી માટે મંદિરને ખાસ રંગબેરંગી લાઈટિંગ, ફૂલોની ગોઠવણ, પરંપરાગત મોટિફ્સ અને અલંકારો સાથે શણગારવામાં આવ્યું છે તેમ જણાવતાં પ્રવક્તાએ ઉમેર્યું હતું કે બોર્ડના ચેરમેન અને પ્રદેશના લેફ્ટેનન્ટ ગવર્નર મનોજ સિંહાના નિર્દેશો મુજબ તમામ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ચોવીસ કલાક પાણી અને મંદિર તરફ જતા ટ્રેક પર વીજ પુરવઠો, સ્વચ્છતા અને તબીબી સુવિધાઓ અને બોર્ડના 'ભોજનાલયો' ખાતે વિશેષ 'ફાસ્ટિંગ ફૂડ'ની ઉપલબ્ધતા જેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.




અરુણાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાએ પાર્ટીનો મેનિફેસ્ટો સંકલ્પ પત્ર બહાર પાડ્યો હતો.

# સગીર રેપ કેસ સમાધાનથી રદ ન થઈ શકે, સંમતિ પણ જરૂરી નહીં



**। (એજન્સી) અલ્હાબાદ, તા.૧૦ ।**

અલ્હાબાદ હાઈકોર્ટે પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ (POCSO એક્ટ)ને વિશેષ કાયદો ગણાવ્યો છે અને તે સંબંધિત ગુનાઓને વ્યક્તિગત મામલો ગણવાનો ઈન્કાર કર્યો છે. સમાજને અસર કરતા આવા કિસ્સાઓને ધ્યાનમાં લેતા કોર્ટે સ્પષ્ટ આદેશ આપ્યો છે કે POCSO એક્ટના ગુના જેવા વિશેષ કાયદા સમાધાનને આધીરે રદ ન કરી શકાય. ગુનેગારો સામ, દામ, દંડ કે ભેદથી સગીર પીડિતો સાથે સમાધાન કરી લેતા હોવાનું ધ્યાનમાં આવતાં હાઈકોર્ટે આવો ચુકાદો આપ્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટે એક કેસની સુનાવણી કરતી વખતે કહ્યું છે કે આરોપી અને પીડિત વચ્ચે સમાધાન કરીને ફોજદારી કાર્યવાહી રદ ન કરી શકાય નહીં. પોક્સો એક્ટના ગુનામાં સગીરની સંમતિ માન્ય નથી. પીડિતા દ્વારા કરવામાં આવેલ સમાધાન ફોજદારી કાર્યવાહીને રદ કરવા માટે પૂરતું નથી.

સુપ્રીમ કોર્ટના નિર્ણયને ટાંકીને કોર્ટે કહ્યું હતું કે હત્યા, બળાત્કાર, લૂંટ વગેરે જેવા ગંભીર ગુનાઓને સમાધાનના આધારે ખતમ ન કરી શકાય. આ કોઈ ખાનગી ગુનો નથી. આવા ગુનાની સમાજ પર ગંભીર અસર પડે છે.

આની સાથે કોર્ટે સગીર પરના દુષ્કર્મના આરોપી સામે આઝમગઢની પોક્સો કોર્ટમાં ચાલી રહેલી ફોજદારી કાર્યવાહીને સમાધાનને આધારે રદ કરવાનો ઈન્કાર કરીને અરજી ફગાવી દીધી. અરજીમાં બન્ને પક્ષોની વચ્ચે થયેલા સમાધાનને આધારે કેસની કાર્યવાહી રદ કરવાની માગ કરાઈ હતી.

તાજેતરમાં કર્ણાટક હાઈકોર્ટે એવો ચુકાદો આપ્યો હતો કે POCSO એક્ટનો હેતુ કિશોરો વચ્ચે સહમતિથી બંધાતા જાતીય સંબંધોને અપરાધ બનાવવાનો નથી પરંતુ તેમને જાતીય શોષણથી બચાવવાનો છે. જ્યારે POCSO એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે ત્યારે આરોપીઓ સામે કડક કલમો લગાવવામાં આવે છે.

# રોડ એક્સીડેન્ટમાં ઘાયલોને મળશે ૧.૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।**

જરા વિચારો, તમે રસ્તા પર જઈ રહ્યા છો અને અચાનક તમે કોઈ ઘાયલ અથવા ઈજાગ્રસ્ત વ્યક્તિને જોશો, જેની આસપાસ ભીડ એકઠી થઈ ગઈ છે પરંતુ કોઈ તેની મદદ કરી રહ્યું નથી. જો તમે પણ મદદ કરવામાં સંકોચ અનુભવો છો, એ વિચારીને કે જો હોસ્પિટલમાં લઈ જવામાં આવે તો સારવારનો ખર્ચ કોણ ઉઠાવશે, તો તમને જણાવી દઈએ કે સરકાર માર્ગ અકસ્માતમાં ઘાયલ લોકોને ૧.૫ લાખ રૂપિયા સુધીની કેશલેસ સારવાર મફત આપે છે. આ સુવિધા તમને ક્યારેક ઉપયોગી થઈ શકે છે. ચાલો તેના વિશે જાણીએપ. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે તાજેતરમાં એક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. માર્ગ અકસ્માતમાં ઘાયલોને સમયસર સારવાર મળી શકે અને તેમનો જીવ બચાવી શકાય તે માટે સરકારે આ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. જો કોઈ વ્યક્તિ કોઈપણ પ્રકારના મોટર વાહનથી ઘાયલ થયા પછી હોસ્પિટલ પહોંચે છે, તો આ પ્રોજેક્ટ હેઠળ તેને ૧.૫ લાખ રૂપિયા સુધીની કેશલેસ સારવાર મફતમાં મળશે. આ યોજના હેઠળ, વ્યક્તિને વધુમાં વધુ ૭ દિવસ સુધી સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરી શકાય છે. આ સારવાર પાછળ ખર્ચવામાં આવેલા પૈસા સરકાર સીધા હોસ્પિટલને ચૂકવશે. બસ આ માટે હોસ્પિટલોએ રિએમ્બર્સમેન્ટ બિલ રજૂ કરવા પડશે. જો કે, હાલમાં આ યોજના ચંદીગઢ સહિત દેશના કેટલાક ભાગોમાં પાયલોટ પ્રોજેક્ટ હેઠળ ચાલી રહી છે. ટૂંક સમયમાં તેને સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવી શકે છે. આ યોજના માટે સરકાર પાસે પૈસાની કમી નહીં હોય, કારણ કે આ ભંડોળ 'મોટર વ્હીકલ એક્સિડન્ટ ફંડ'માંથી આપવામાં આવશે. આ યોજનાનો લાભ દરેક પ્રકારના માર્ગ અકસ્માતમાં મળશે જેમાં મોટર વાહન સામેલ છે. નેશનલ હેલ્થ ઓથોરિટી આ યોજનાને લાગુ કરવા માટે કામ કરશે. હાલમાં તે પાયલોટ પ્રોજેક્ટ હેઠળ તેનો અમલ કરી રહી છે. આ યોજનાના અમલીકરણ માટે પોલીસ, હોસ્પિટલ અને રાજ્યની આરોગ્ય એજન્સીઓ વચ્ચે સંકલન સાધવામાં આવ્યું છે.

### કેન્દ્ર સરકાર લાવશે Uniform KYCનો નિયમ

# KYC અપડેટ કરાવવાની ઝંઝટમાંથી મળશે મુક્તિ

## દસ્તાવેજો એક જ વાર સબમિટ કરવામાં આવશે અને તે પછી તમને ૧૪ અંકનો CKYC ઓળખ નંબર અપાશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।**

કેવાઈસી (KYC) આપણાં જીવનનો એક મહત્વ પૂર્ણ ભાગ બની ગયો છે. તમારે બેંક ખાતું ખોલવવાનું હોય કે પછી શેર માર્કેટ અથવા મ્યુચ્યુઅલ ફંડમાં ઈન્વેસ્ટ કરવાનું હોય. જેમાં તમારે કોઈ સ્કીમનો લાભ લેવો હોય કે પછી ઈન્શ્યોરન્સ પોલિસી લેવી હોય. કેવાઈસી ફરજિયાત થઈ જાય છે. દરેક કામ માટે કેવાઈસી કરવું જરૂરી છે. કેવાઈસી વિના ન તમે કોઈ યોજનાનો લાભ લઈ શકશો કે ન તો તમે એકાઉન્ટ ખોલાવી શકશો. ફક્ત એકાઉન્ટ ખોલતી વખતે જ નહી પરંતુ અમુક સમય અંતરે તમારે કેવાયસી અપડેટ કરવું જરૂરી બની જાય છે. કેટલાક લોકોને અલગ અલગ કામો માટે અલગ અલગ કેવાયસી કરવું જરૂરી બની જાય છે. પરંતુ જરા વિચારો કે, જો વારંવાર કેવાયસી કરાવવામાંથી મુક્તિ મળી જાય તો કેવું રહે ? જો તમે પણ વારંવાર કેવાયસી કરાવવામાંથી મુક્તિ મેળવવા માંગો છો તો આ સમાચાર તમારા માટે ઉપયોગી છે. કેમ કે વારંવાર કેવાયસીના નિયમો બદલવાની તૈયારી ચાલી રહી છે. હવે સરકાર કેવાયસી સાથે જાડાયેલા નિયમો બદલીને નવા નિયમો બનાવી રહી છે. તમામ નિયમો બદલીને યુનિફોર્મ કેવાયસી લાગૂ કવાનો વિચાર સરકાર કરી રહી છે. ચાલો જાણીએ કે, યુનિફોર્મ કેવાયસી શું છે. આ કેવી રીતે કામ કરશે. તેમજ આ પ્રસ્તાવ કોણે આપ્યો છે. આ કયારે લાગુ થશે તેમજ તેના ફાયદા શું છે. કેવાયસીનો ફૂલ ફોર્મ **Know Your Customer** થાય છે. આ બાબત કસ્ટમરની આઈડેન્ટિટી એટલે ઓળખ વેરિફાઈ કરવાની રીત છે. આપણે પૈસા સાથે જાડેયેલા કામ માટે કેવાયસી પ્રોસેસમાંથી પસાર થવું પડે છે.

# સંબલપુરમાં ધર્મેન્દ્ર પ્રધાનના રોડ શોમાં લોકો ઉમટી પડ્યા

## ઓડિશાના સંબલપુરમાં જાહેર સભા પહેલા ભાજપના વરિષ્ઠ નેતા ધર્મેન્દ્ર પ્રધાને કુંચિંડામાં ભવ્ય રોડ શો યોજ્યો

**। (એજન્સી) સંબલપુર, તા.૧૦ ।**

ઓડિશાના સંબલપુર સંસદીય ક્ષેત્રથી ભાજપ ની ટિકિટ પર લોકસભા ચૂંટણી લડી રહેલા કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા ધર્મેન્દ્ર પ્રધાન ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. સંબલપુર સંસદીય ક્ષેત્રમાં આવતા કુચિંડામાં ધર્મેન્દ્ર પ્રધાનનો આજે મેગા રોડ શો યોજાયો હતો. આ રોડ શોમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને સમર્થકો ઉમટ-ચા હતા. રોડ શો દરમિયાન વડાપ્રધાન મોદી, ભાજપ અને ધર્મેન્દ્ર પ્રધાન તરફી સતત નારાઓ લગાવવામાં આવ્યા હતા.

ઓડિશાના સંબલપુર સંસદિય ક્ષેત્રના કુચિંડ-ામાં રોડ શો દરમિયાન મોટી સંખ્યામાં ભાજપના સમર્થકો ઉમટ્યા હતા. ધર્મેન્દ્ર પ્રધાનના કાફલા સાથે ભાજપના કાર્યકરો અને સ્થાનિક રહીશો દૂર દૂર સુધી જોવા મળ્યા હતા. આ દરમિયાન



લોકો રોડ શોના માર્ગ પર ઉપસ્થિત કાર્યકરો અને સ્થાનિક રહીશોએ ફિર એક બાર મોદી સરકારના જોરજોરથી નારા લગાવ્યા હતા.

ધર્મેન્દ્ર પ્રધાનના રોડ શોમાં તમામ ઉંમરના લોકો જોવા મળ્યા હતા. તેમના રોડ શો દરમિયાન નોંધપાત્ર સંખ્યામાં સંખ્યામાં મહિલાઓ પણ જોડાઈ હતી. ધર્મેન્દ્ર પ્રધાન આ દરમિયાન ઘણા લોકોને રૂબરુ મળ્યા હતા. ધર્મેન્દ્ર પ્રધાને સમર્થન અને પ્રેમ આપવા બદલ સૌનો આભાર માન્યો હતો.

ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે, વિકસિત ભારત, વિકસિત ઓડિશા અમારું સૂત્ર છે. તેમણે કહ્યું કે, આ વિકાસ એ વાતનો પુરાવો છે કે સામાન્ય લોકોમાં ભાજપ માટે ભારે સમર્થન અને ઉત્સાહ છે.

તેમણે સંબલપુરમાં જાહેર સભા દરમિયાન સિંધી સમુદાયની ભાગીદારી બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું: ચેટિચંદ ઉત્સવમાં ભાગ લેવો મારા માટે ખૂબ જ ગર્વની વાત છે. હું મારા મિત્રોનો, તેમના પ્રેમ અને આશીર્વાદ માટે આભારી છું. મારી ઈચ્છા છે કે સંબલપુરના મારા સિંધી ભાઈ-બહેનો મોદી સરકાર દ્વારા વિકસિત સંબલપુર અને વિકસિત ઓડિશાના વિઝનને સમર્થન અને સાથ આપતા રહે.

# તંત્રી લેખ...

## ગુજરાતમાં ગરમીના પ્રકોપ વચ્ચે વરસાદની આગાહી

અંબાલાલ પટેલે ભર ઉનાળે ગરમીની આગાહી કરી છે. જેને કારણે લોકોને ગરમીથી થોડી રાહત મળશે. ૧૨ થી ૧૫ એપ્રિલ દરમિયાન ગુજરાતભરમાં ગાજવીજ અને કરા સાથે વરસાદ આવશે. ગુજરાતમાં ફરી એકવાર વાદળો છવાશે અને જોરદાર વરસાદ આવશે. ૪ જિલ્લામાં ગુજરાતમાં વરસાદ પડવાની સંભાવના છે. આ વર્ષે ગરમી, પ્રિમોન્સૂન એક્ટિવિટી અને કરા પણ વારંવાર પડશે. ૧૧ મેં આસપાસ બંગાળાના ઉપસાગરમા હળવા દબાણ પેદા થશે. ૨૦ મે બાદ ગરમી જોર પકડશે. ૨૪ મે થી ૫ જૂન આસપાસ ગુજરાતમાં કેટલાક ભાગમાં વરસાદ થશે. અંબાલાલ પટેલે આગાહી કરી કે, ૧૨ થી ૧૫ એપ્રિલ સુધી ગ્રહોની રાશિ જળદાયક અને વાયુવાહકમાં હોવાથી પવન સાથે પ્રિમોન્સૂન એક્ટિવિટી થવાની શક્યતા છે. આ દિવસોમાં સમગ્ર ગુજરાતમાં વરસાદની આગાહી છે. ૧૨ થી ૧૫ એપ્રિલમાં હળવાથી મધ્યમ વરસાદ ગાજવીજ અને કરા સાથે વરસાદ પડશે. આ દિવસોમાં પવનની ગતિ તેજ રહેશે. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં પણ વરસાદી જોર રહેશે. આગામી તારીખ ૧૨ અને ૧૩ તારીખ હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે. પ્રી મોન્સુન એક્ટિવિટીના ભાગરૂપે વરસાદની આગાહી કરાઈ હોવાનું જણાવાયું છે. હવામાન વિભાગ દ્વારા ૧૨ એપ્રિલ નવસારી,વલસાડ,સુરત, દીવ,દમણ, દાદરાનગર હવેલીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. બીજી તરફ ૧૩ એપ્રિલે બનાસકાંઠા,સાબરકાંઠા,કચ્છમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આમ, હવામાન વિભાગે ગુજરાતમાં બે દિવસ વરસાદ વરસવાની આગાહી કરી છે. આ સાથે દરિયાકાંઠાના વિસ્તારોમાં ડિસકમ્ફર્ટ કન્ડિશનની વોર્નિંગ પણ આપવામાં આવી છે. ગુજરાતમાં આજથી ચાર દિવસ વાતાવરણ શુષ્ક રહેશે. જે બાદ બે દિવસ છૂટાછવાયા સ્થળો પર સામાન્ય વરસાદની શક્યતા છે.

## મોદીની રાજકીય શૈલીનું એક તત્ત્વ લોકોમાં ભવિષ્ય પ્રત્યે આશા સર્જન કરવાનું પણ છે

લોકસભા ચૂંટણીનો પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે. વિભિન્ન પક્ષો દ્વારા ચૂંટણી ક્ષેત્રોની ટિકિટો અપાઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તો રેલીઓ અને સાથે રોડ શો પણ શરૂ થઈ ગયા છે. તેને જોતાં કહી શકાય કે ચૂંટણી પ્રચારમાં ભાજપ આગળ નીકળી ગઈ છે. મોદી એક લોકપ્રિય નેતા જ નહીં પરંતુ આજની જનતાંત્રિક રાજનીતિના શિલ્પી પણ છે. દેશની જનતાંત્રિક રાજનીતિમાં અનેક મોટા નેતા થયા, પરંતુ તેમાં કેટલાય જૂના ચીલે જ ચાલતા રહ્યા. કેટલાક થયા જેમણ પોતાની રાજનીતિ માટે નવો રસ્તો બનાવ્યો. જો વડાપ્રધાન મોદીની રાજનીતિને ઊંડાણથી વિશ્લેષિત કરીએ તો જણાશે કે તેણે પોતાની રાજનીતિની એક નવી જ શૈલી વિકસિત કરી છે. તે રાજનીતિના એવા શિલ્પકાર રૂપે ઉભર્યા છે, જેમણે ભારતીય પરંપરામાં પોતાનાં મૂળ જમાવેલાં છે. તેનું એક કારણ તેમનું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક રૂપે કાર્ય કરવાનું છે.

જો મોદીના રાજકીય ક્રિયાકલાપોની વ્યાખ્યાથી કોઈ એક સૂત્ર શોધીએ તો તે છે સતત બદલાવ - સતત નવોન્મેષ. આ નવોન્મેષની દિશા તેમની ભારતના ભવિષ્યની અવધારણાથી બને છે અને આકાર લેછે. તેમણે જે પ્રકારે ૨૦૪૭ સુધી વિકસિત ભારત અને હજાર વર્ષ બાદ ભારતનું સપનું જોયું છે, તેનું સ્વરૂપ ઉભરી આવવું આસાન છે. આ નવોન્મેષની બીજી દિશા થાકેલા, હારેલા, ઉદાસ જનમાં આશા જગાવવાની રાજનીતિ વિકસિત કરવી અને એ આશાઓને પૂરી કરવા માટે લોકોમાં ક્ષમતા નિર્માણની નીતિ પર કામ કરવાનું છે.

ગત દિવસોમાં ઉત્તર ભારતના એક ગામમાં એક પછાત સામાજિક સમૂહના યુવાઓ સાથેની ચર્ચામાં જ્યારે મોંઘવારી, ગરીબી, બેરોજગારીનો સંદર્ભ આવતો હતો, ત્યારે તેમણે કહ્યું કે હવે દેશ પહેલાં જેવી દશામાં નથી. દેશ આગળ વધી રહ્યો છે. બધાને આગળ વધવાનો રસ્તો દેખાઈ રહ્યો છે. નોકરી મળી તો ઠીક નહીં તો કંઈક ધંધો કરી લઈશું. બેંક લોન, સ્ટાર્ટઅપની અનેક યોજનાઓ ચાલે જ છે ને? આ ચર્ચાથી લાગે કે તળિયાના લોકોમાં એક પ્રકારની આશા જાગી છે અને જડતા તૂટી છે. બનારસ, અયોધ્યા, ઉજ્જૈન જેવા તીર્થોના આધુનિકીકરણે મોટાપાયે તીર્થયાત્રીઓને આકર્ષિત કર્યા છે. ઉત્તર પ્રદેશના પર્યટન વિભાગ અનુસાર ૨૦૨૩માં ઉત્તર પ્રદેશમાં ૪૮ કરોડ પર્યટક આવ્યા, જેમાંથી ૧૬ લાખ બહારના દેશોના હતા. પર્યટકોના આવાગમને આ તીર્થ સ્થળોની આસપાસના ગામો, કસ્બામાં નાણાંનો પ્રવાહ વરસાવ્યો છે. તેનાથી પણ લોકોમાં જડતા તૂટી છે અને વિકાસની આશા જાગી છે. મોદીની રાજકીય શૈલીનું એક તત્ત્વ લોકોમાં ભવિષ્ય પ્રત્યે આશા સર્જન કરવાનું પણ છે. મોદી એક એવા રાજનીતિજ્ઞ છે, જેમણે પોતાની રાજનીતિના ભવિષ્યને વિમર્શનો વિષય બનાવ્યો છે. પહેલાંના કેટલાય વડાપ્રધાન કાં તો સમકાલીન સમસ્યાઓના દબાણમાં કે પોતાની દૃષ્ટિગત સીમાને કારણે નાના કળખંડો તથા પંચવર્ષીય વિકાસની યોજનાઓમાં જ બંધાયેલા રહ્યા. તેમની પાસે દીર્ઘકાલીન ભવિષ્યનું વિઝન ન હતું. પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના ભાષણોને સાંભળીએ તો 'ભવિષ્ય' શબ્દ તેમાં તમને કદાચ જ સાંભળવા મળે. રામમનોહર લોહિયાએ એક આલેખમાં ભારતીય રાજનીતિના આ સંકટ તરફ ઈશારો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારતમાં રાજકીય પક્ષોમાં ભવિષ્ય વિશે વિચારવાની ક્ષમતા નથી.

વડાપ્રધાન મોદીની રાજકીય શૈલીમાં એક અન્ય તત્ત્વ સત્તાની રાજનીતિને સામાજિક રાજનીતિમાં રૂપાંતરિત કરવાનું છે. તેઓ વારંવાર કહે છે કે સત્તાની રાજનીતિથી પાર જઈને આપણે સમાજને પોતાની રાજનીતિ સાથે જોડવો પડશે. અહીં તે આપણને મહાત્મા ગાંધીની શૈલી જણાવે છે, જ્યાં તેઓ વિદેશી સામ્રાજ્યવાદ વિરુદ્ધ પોતાના સંઘર્ષને અછૂતોના દ્ધાર, પંથક એક્તા અને એનેક સામાજિક કુરીતિઓ વિરુદ્ધ પોતાના અભિયાનોથી બળ પ્રદાન કરતા હતા. મોદીએ પણ પોતાના રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ને સામાજિક પરિવર્તન સાથે જોડવાની સાથે અનેક નાના-નાના સામાજિક મુદ્દાને પણ પોતાની વ્યાપક રાજનીતિમાં સ્થાન આપ્યું છે. છાત્રો સાથે સંવાદ, પરીક્ષા પે ચર્ચા, યુવાઓમાં તણાવ વધવાની ચિંતા, સ્ક્રીન ટાઈમ વિશે સંદેશ, પંચ પ્રણની અવધારણા, કાશી-તમિલ સંગમમ દ્વારા વિભિન્ન સંસ્કૃતિઓને જોડવાના પ્રયાસોને તેમણે પોતાની રાજનીતિ સાથે જોડ્યા છે. સમાજના હાંસિયા પર રહેનારા લોકોને પણ 'મન કી બાત'માં તેઓ સ્થાન આપતા રહ્યા છે. એવામાં સત્તાની રાજનીતિ વિકાસ, આશા અને સામાજિક મુદ્દાની રાજનીતિમાં બદલાઈ જાય છે. તેમણે પોતાની રાજનીતિમાં ધર્મ અને અધ્યાત્મની હાજરીને પણ નવી રીતે પરિભાષિત કરી છે. સાધુ-સંતો, મંદિરો, સૂફી સ્થળોથી પોતાના પ્રતીકાત્મક સંબંધ સ્થાપિત કરતાં તેમણે જનતાના વિભિન્ન વર્ગોના મનમાં પ્રવેશ કર્યો છે. આ જ કારણે તેમની છબિ આજે માત્ર એક રાજનેતાની નથી રહી, બલ્કે તેની આગળ પહોંચી ગઈ છે. આ છબિએ એક સામાજિક નેતા, સાંસ્કૃતિક કાર્યકર્તા તથા લોકોની નાની-નાની સમસ્યાઓમાં સામેલ રહેનારા વ્યક્તિનું પ્રતીક ઘડ્યું છે.

સર્વપ્રથમ તો કુંડલીની જાગરણ એ શબ્દ સાંભળતા જ આખા શરીરમાં એક આલહાદક શક્તિનો અનુભવ થાય છે

# સ્વયંમનું સ્થાન સ્વનાં સંયમ વગર દેખાતું નથી! આ છે સ્વાધિષ્ઠાન ચક્રનો મૂળ સંદેશ!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**મૂળભૂત રીતે પંચ પ્રાણ, સાત શરીર, સાત ચક્ર અને સાત જન્મોમાં આરક્ષિત શક્તિને છૂટી પાડીને સાત લોક કે પછી બ્રહ્માંડના કણ કણમાં સંમેલિત કરવાની આ ક્રિયાને કુંડલીની જાગરણ કહેવાય છે**

હે મા જગત જનની જગદંબા. આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ચૈત્રીય નવરાત્રિના ત્રીજે દિવસે મા ચંદ્રઘંટાને નમન કરી, સિદ્ધિ માટે નહીં પણ શુદ્ધી માટે કંઈક થાય એવાં આશીર્વાદ આપજો. પરંતુ આ સુંદર સિદ્ધિ યોગ પ્રાપ્ત કરનારા દિવસોમાં આપણે પણ કુંડલીની જાગરણ વિશે થોડી સાત્વિક તાત્વિક વાતો કરી રહ્યા છીએ. સર્વપ્રથમ તો કુંડલીની જાગરણ એ શબ્દ સાંભળતા જ આખા શરીરમાં એક આલહાદક શક્તિનો અનુભવ થાય છે, અને પછી સંસારી જીવ મનોમન વિચારે છે, કે આ તો આપણાં બસની વાત નથી, અને એને વિષેનું આપણું જ્ઞાન માત્ર જાણકારી બનીને રહી જાય છે. મૂળભૂત રીતે પંચ પ્રાણ, સાત શરીર, સાત ચક્ર અને સાત જન્મોમાં આરક્ષિત શક્તિને છૂટી પાડીને સાત લોક કે પછી બ્રહ્માંડના કણ કણમાં સંમેલિત કરવાની આ ક્રિયાને કુંડલીની જાગરણ કહેવાય છે, અને કુંડલીની જાગરણ એ એક યોગ પ્રક્રિયા તરીકે બહુ પ્રસિદ્ધ છે. આપણે સૌએ એના ચિત્રો જોયા છે, અને એમાં દરેક ચક્ર અને એમાંથી છૂટી પડતી શક્તિ ઉર્ધ્વગમન કરતી બતાવાઈ છે, અને એ શક્તિને પ્રકાશમય બતાવી છે. એટલે કે પ્રકાશ કે ઉષ્ણ ઉર્જા તરીકે એ શરીરના સાતે સાત ચક્રોમાંથી પસાર થઈ ઉપર સુધી પહોંચે છે, એક મેગ્નેટિક વિદ્યુત પ્રવાહ જેમ તે આંતર શરીરમાં પ્રકાશ ઉર્જા ભરે છે, અને શરીરની તમામ મલિનતા તરફ જીવનું ધ્યાન જતાં એ એ મલિનતાનું નિવારણ કરી અને પવિત્ર થાય છે. આપણે ત્યાં જ્ઞાનનું અજવાળું એવો શબ્દ પ્રયોગ પણ થતો હોય છે, એટલે કે આ બધી જ જાણકારી જ્યારે આપણો અનુભવ બને, ત્યારે તે જ્ઞાન થયું એમ કહેવાય, અને એ જ્ઞાન આંતર અજવાળા ફેલાવે છે, જેનાથી આંતર શરીરમાં શારીરિક અને માનસિક રીતે ભેગો થયેલો કચરો સાફ કરવાનો છે, અને એ રીતે આપણે પવિત્ર થતા જવાનું છે, જેનાથી પ્રકૃતિમાં ચિદ્ વિલાસ કરતી ચૈતન્ય શક્તિ સાથે આ શક્તિનું તાદાત્મ્ય થાય.

મુલાધાર ચક્રની વાત કરી ત્યારે આપણે તેનું સ્થાન જોયું હતું, અને ત્યાં



પૃથ્વી તત્વ પાસેથી ગંધ સ્વરૂપે આપણે ધૈર્ય અને સ્થિરતા પ્રાપ્ત કરી. હવે શક્તિ આગળ વધી અને સ્વાધિષ્ઠાન ચક્ર પર આવી જ્યાં જીવના મૂળ આધારનું બિંદુ છે. સ્વાદિષ્ટાન એટલે સ્વયંમ નું સ્થાન, ત્યાં આપણી એટલે કે માનવીય ચેતનાનું કેન્દ્ર છે. સ્વાધિષ્ઠાન ચક્રને પેટનું ચક્ર કે પછી પવિત્ર ચક્ર પણ કહેવાય છે. આ ચક્ર કરોડરજ્જુના નીચલા છેડા પાસે ત્રિકોણાકાર હાડકામાં અને પ્રજનન અવયવો પાસે દર્શાવાયું છે, એટલે કે નાભિની બે ઈંચ નીચે દર્શાવેલ છે. તે છ કમળની પાંખડી ધરાવે છે, અને તેનો રંગ નારંગી છે, અને બીજ મંત્ર "વં" છે. સ્વાધિષ્ઠાન ચક્રનું તત્વ પાણી છે, અને દેવ વિષ્ણુ છે જે ઘેરો વાદળી રંગ અને પીળી ધોતી ધરાવે છે. તેની પાસે શંખ , ગદા,ચક્ર અને કમળ છે. તે શ્રીવત્સ ચિહ્ન અને કૌસ્તુભ રત્ન ધારણ કરે છે. તે કાં તો ગુલાબી કમળ પર અથવા દિવ્ય ગરુડ પર બિરાજમાન છે. આ કમળની એક એક પાંખડી છ નકારાત્મક ગુણોનુ નિવારણ કરે છે, અને આમ ત્યાં જાગરણથી એ દરેક પાંખડીની નકારાત્મકતા દૂર થાય છે. એટલે કે રસતન્માત્રા, અપજલ તત્વ, સ્વાદેન્દ્રિય અને હાથની કર્મેન્દ્રિયનો, વિલય થાય છે. આ થઈ એને વિશેની શાસ્ત્રીય વાત.

જે કોઈ સિદ્ધ મુની યોગ પ્રકિયાના મુખ્ય અંગ ધ્યાનથી આ સમગ્ર અનુભૂતિ સુધી પહોંચી શકે તેમને વંદન, પણ આપણું એ કામ નથી! માટે આપણે આનો સહજ અર્થ કરી અને ઉપર ઉઠવાનું છે, એટલે જાગરણ કરવાનું છે. કહેવાય છે ગર્ભ વિભાવના સમયે જીવ સાત કે તેથી વધુ જન્મોના સંસ્કાર સાથે આવ્યો હોય છે. પૂર્વ જન્મના દુ:ખ સુખની સ્મૃતિ તેની સાથે જોડાયેલી હોય છે, અને એને કારણે તે પીડિત કે અસ્વસ્થ છે, એમ કહી શકાય. આ તમામ પ્રકારોની સ્મૃતિ કે સંસ્કાર ત્યજીને તેને ઉપર ઉઠવાનું છે, અને ત્યારે જ તે પોતાના જન્મનું કારણ માત્ર કામ નહીં પણ બે આત્માનું મિલન એટલે કે પ્રેમ છે, એવું સહજ જ્ઞાન પ્રાપ્ત કરી શકે, અને તો એનું ધ્યાન સ્વયં નાં સ્થાન પર કેન્દ્રિત થાય! કે હું એક શુદ્ધ અને પવિત્ર ચેતનાનો ધસમસતો પ્રવાહ છું! અને મારી સાથે જોડાયેલા આ અપવિત્ર મલિન તત્વોનો ત્યાગ કરી મારે એ દિવ્ય ચેતના સાથે જોડાવાનું છે. યોગની પરિકલ્પનાં મુજબ તો અસ્તિત્વમાં વિહાર કરતી એ પરમ શક્તિ સાથે તાદમ્ય કેળવવાનું છે. પરંતુ દરેકે દરેક જીવમાં આત્મા તરીકે એ જ શક્તિનો અંશ છે, એ સત્ય પણ સ્વયં યોગ યોગેશ્વર શ્રીકૃષ્ણનાં મુખે ભગવત ગીતામાં ઉદઘોષિત થયેલું છે. અસ્તિત્વમાં ચિદ વિલાસ કરતી ચૈતન્ય શક્તિના રહસ્યોને આપણે ઘણીવાર સમજી ન શકવાને કારણે એ તત્વ કે સત્વ ને એટલું આત્મસાત કરી શકાતું નથી, જ્યારે આપણી આસપાસના જગતમાં જીવતા જીવમાં એ શક્તિનો અનુભવ કરવાથી ત્યાં તાદાત્મ્ય કેળવવું એ વધુ સહેલું અને આમ જુવો તો અનિવાર્ય પણ છે.

અહીં સુધી કુંડલીની જાગરણ થયું છે કે નહીં તેની પ્રતીતિ આપણી વૈચારિકતાનું ચિંતન કરવાથી પ્રાપ્ત થાય છે. જાગરણ એટલે ઉપર ઉઠવું, એટલે કે મૂલાધાર ના કે સ્વાધિષ્ઠાન ચક્રનાં મૂળમાં પડેલા મળમૂત્ર જેવા પૂર્વ જન્મના સંસ્કાર કે પછી આ જન્મ માટે જવાબદાર વાસના કે વિકૃતિ એ આપણાં જન્મનું કારણ નથી, પણ ઈશ્વરીય શક્તિ સંકેત છે. સમયે ભોગ ને સમયે યોગ! આ સમયક્તા, સંયમની મહત્તા, તેમજ આપણને આવતા દરેક વિચાર કે ઈચ્છા શક્તિ પર વિવેકથી પ્રભુત્વ પ્રાપ્ત થાય, તો સમજવું કે જાગરણ તરફ ડગલાં ભરવાની શરૂઆત થઈ ચૂકી છે. આ ઉપરાંત અન્ય જીવમાં પણ વિકૃતિ કે ભૂલ ન દેખાય, તદ ઉપરાંત એ જીવનાં ગુણનું દર્શન અને સૌ કોઈને આદર આપવાની ભાવના તીવ્ર બને, તેમજ પરિવારજનોનાં આંતરિક સંબંધોને મજબૂત બનાવવા તરફી વિચાર વલણ નમ્ર બને છે. સંબંધોમાં મધુરતા વધે તો સમજવું કે ક્યાંક તો કંઈક સારું થઈ રહ્યું છે, અને સારું જાગરણ વગર ક્યારેય થતું નથી. પણ એ આપણું જાગરણ છે કે સામેવાળાનું તે અવશ્ય ચિંતન કરી લેવું, અને આપણું ન હોય તો ત્યાં આપણું જાગરણ પણ એટલું જ જરૂરી છે, અને એ હજી વધુ પ્રસન્નતા તરફ આપણને તેમજ આપણા પરિવારને આપણા સમાજને અને આપણા દેશને એથી વધુ વિશ્વને શાંતિ તરફ દોરી જશે!: જે આપણું લક્ષ્ય છે. અહમ, આગ્રહ મુક્ત થઈને સહજની સમજ કેળવી શકાય, કે દરેક પરિસ્થિતિ કે સમયમાં પણ સહજ રહી જીવી શકાય તો એ જાગરણનું કારણ છે, અને આપણને એવા જાગરણની જ જરૂર છે, કારણકે અસ્તિત્વની એ શક્તિ સુધી કદાચ આપણે પહોંચી ન શકીએ, પણ આપણી આસપાસ વસતા જીવના હૃદયમાં પ્રેમ શક્તિ સ્વરૂપે પહોંચી એના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરી શકીએ, તો પણ ઘણું છે. આવી મૈત્રીની વિભાવનાની કલ્પના કરી, સમસ્ત જગત આંદરોઅંદર પ્રેમ અને લાગણીના સંબંધથી જોડાય, તો એ પણ એક યોગ પ્રક્રિયા જેવું અદભુત પરિણામ આપી શકે તેમ છે. આપણે સૌ કુંડલીની જાગરણનો એવો બૃહદ ફાયદો કરાવતો અર્થ કરી, આ ચૈત્રી અનુષ્ઠાન કરીને, એ પરિણામ સુધી કે લક્ષ્ય સુધી પહોંચી શકે, એવી એક અન્ય પ્રાર્થનામાં ભગવતીને ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

આજે ચૈત્રી નવરાત્રીનો ત્રીજો દિવસ

# યા દેવી સર્વભૂતેષુ મા ચંદ્રઘંટા રૂપેણ સંસ્થિતા નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**માતાની આરાધના ખૂબ જ પવિત્ર અને શુદ્ધ હૃદયથી કરવી જોઈએ સાંસારિક પરેશાનીઓમાંથી મુક્તિ મેળવવાનો ઉપાય દેવી માતાના શરણમાં જવાનો છે તેમાં જ આપણી ભલાઈ છે**

આજે ચૈત્રી નવરાત્રીનો ત્રીજો દિવસ, શાસ્ત્રોથી જાણો મા ચંદ્રઘંટાની કથા અને પૂજાનું મહત્વ નવરાત્રીમાં ત્રીજા દિવસના પ્રમુખ દેવી મા ચંદ્રઘંટા છે.માતા ચંદ્રઘંટાનું સ્વરૂપ ખૂબ જ અદ્ભૂત અને વિલક્ષણ છે. નવદુર્ગા ગ્રંથ પ્રમાણે તેમનું વાહન સિંહ છે. તેમના માથા પર ઘંટ આકારનો અર્ધ ચંદ્ર છે. એટલા માટે તેઓ 'ચંદ્રઘંટા'ના નામથી ઓળખાય છે.

નવરાત્રીના ત્રીજા દિવસે તેમની આરાધના કરનારનું મન મણિપુર ચક્રમાં સ્થિત થવાના કારણે તેને વિલક્ષણ પ્રતીત થાય છે. વાતાવરણ સુગંધમય બની જાય છે અને વિશેષ ધ્વની સંભળાઈ છે.

માતાનો રંગ સોનેરી છે. તેઓ ક્રાંતિથી ભરેલ છે. તેમના શરીરમાંથી નીકળતી ઘંટની ધ્વનિથી ભૂત-પ્રેત, શત્રુ વગેરે ભાગી જાય છે. તે પોતાના ભક્તોને નીડર અને નિર્ભય બનાવે છે. હંમેશા શત્રુઓને વિનાશ કરનારા માતા ચંદ્રઘંટાનું સ્વરૂપ સૌમ્ય અને શાંત છે. ભક્તો ઘંટની ધ્વનિ સાંભળતા જ આશ્વસ્ત થઈ જાય છે કે, માતા તેમના પર તેમની કૃપા વરસાવશે. તેમની નમ્રતા અને શાંત ચિત્ત ભક્તોને પણ અસર કરે છે તેમનું શરીર પણ પ્રકાશમય બની જાય છે.

માતાની આરાધના ખૂબ જ પવિત્ર અને શુદ્ધ હૃદયથી કરવી જોઈએ. સાંસારિક પરેશાનીઓમાંથી મુક્તિ મેળવવાનો ઉપાય દેવી માતાના શરણમાં જવાનો છે. તેમાં જ આપણી ભલાઈ છે. દેવી પુરાણ પ્રમાણે આજે ત્રણ કુંવારી કન્યા ઓને ભોજન કરાવવામાં આવે છે અને મહિલાઓ આ દિવસે વાદળી રંગના વસ્ત્રો પહેરે છે. આજે ગુરુવારે ૧૧મી એપ્રીલ ૨૦૨૪ ચૈત્ર સુદ ત્રીજ આજે રમઝાન ઈદ ઉલ ફિત્રની ઉત્સાહ ઉમંગભેર ઉજવણી ધામધૂમથી કરવામાં આવશે.તો હિંદુ પંચાગ મુજબ ચૈત્ર નવરાત્રીનું ત્રીજુ નોરતું છે, આ દિવસે



દેવી દુર્ગાના ત્રીજા સ્વરૂપની પૂજાનું મહત્વ છે. માતા દુર્ગાની ત્રીજી શક્તિનું નામ ચંદ્ર ઘંટા છે. નવરાત્રિની પૂજાના ત્રીજા દિવસે તેમની મૂર્તિની પૂજા કરવા માં આવે છે.નવરાત્રીના બીજા દિવસે માતા બ્રહ્મચારિણી ની પૂજા કરવાની પરંપરા છે. આ દિવસે અન્ય પ્રસાદ ઉપરાંત સાકર અને પંચામૃત માતાને અર્પણ કરવા જોઈએ. એવું માનવામાં આવે છે કે આ અર્પણ કરવાથી દેવી માતા લાંબા આયુષ્યનું વરદાન આપે છે.

આજે ચૈત્રી નવરાત્રીનું ત્રીજુ નોરતું આ દિવસે દેવી દુર્ગાના ત્રીજા સ્વરૂપની પૂજાનું મહત્વ છે.માતા દુર્ગાની ત્રીજી શક્તિનું નામ ચંદ્ર ઘંટા છે. નવરાત્રિની પૂજાના ત્રીજા દિવસે તેમની મૂર્તિની પૂજા કરવામાં આવે છે. નવરાત્રીના બીજા દિવસે માતા બ્રહ્મચારિણીની પૂજા કરવાની પરંપરા છે. આ દિવસે અન્ય પ્રસાદ ઉપરાંત સાકર અને પંચામૃત માતાને અર્પણ કરવા જોઈએ. એવું માનવામાં આવે છે કે આ અર્પણ કરવાથી દેવી માતા લાંબા આયુષ્યનું વરદાન આપે છે. તેમની પૂજા કરવાથી વ્યક્તિત્વમાં ત્યાગ, નૈતિકતા અને સંયમ વધે છે.

મા ચંદ્રઘંટાનું સ્વરૂપ,દેવી ચંદ્રઘંટાનું સ્વરૂપ અત્યંત શાંતિપૂર્ણ અને કલ્યાણકારી છે. વાઘ પર સવાર ચંદ્રઘંટાના શરીરનો રંગ સોના જેવો તેજસ્વી છે. તેના કપાળ અર્ધચંદ્રાકાર છે, તેથી તેને ચંદ્રઘંટા કહેવામાં આવે છે. દશ-ભૂજાવાળી દેવી દરેક હાથમાં અલગ-અલગ શસ્ત્રો છે. સફેદ ફૂલોની માળા તેના ગળાનો શણગાર છે.સિંહ તેમનું વાહન છે. જે કોઈ માતાની ઉપાસના કરે છે તે ઉપાસક સિંહની જેમ બહાદુર અને નિર્ભય બની જાય છે.

**માતા ચંદ્રઘંટાની પૂજાનું મહત્વ**

તેમની પૂજા કરવાથી ભક્તોને લાંબા આયુષ્ય, આરોગ્ય, સુખ અને સમૃદ્ધિનું વરદાન મળે છે. ચંદ્રઘંટા માતાની કૃપાથી સાધકના તમામ પાપ અને વિઘ્નો નાશ પામે છે.તેમની આરાધનાથી એક મહાન ગુણ એ છે કે ભક્તમાં બહાદુરી અને નિર્ભયતાની સાથે નમ્રતા પણ આવે છે.તણાવગ્રસ્ત અને પિત્ત પ્રકૃતિના લોકોએ મા ચંદ્રઘંટાનું પૂજન કરવું જોઈએ. માતાને શુદ્ધ જળ અને પંચામૃતથી સ્નાન કરાવો. વિવિધ પ્રકારના ફૂલ, અક્ષત, કુમકુમ, સિંદૂર ચઢાવો. કેસર અને દૂધમાંથી બનેલી મીઠાઈ અથવા ખીર ચઢાવો. માતાને સફેદ કમળ, લાલ હિબિસ્કસ અને ગુલાબની માળા અર્પણ કરો અને પ્રાર્થના કરતી વખતે મંત્રનો જાપ કરો. આ રીતે માતા ચંદ્રઘંટાનું પૂજન કરવાથી હિંમતની સાથે નમ્રતા વધે છે.

મંત્ર

યા દેવી સર્વભૂતેષુ મા ચંદ્રઘંટા રૂપેણ
સંસ્થિતા નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ
નમો નમઃ
પિંડજપ્રવરારુઢા,ચંડકોપાસ્ત્રકૈર્યુતા !
પ્રસાદમ્ તનુતે મહમ, ચંદ્રઘંટેતિ વિશ્રુતા !!

બીજ મંત્ર

એ શ્રી શકતયૈ નમવાચક ચાહક મિત્રો, આપણે ચૈત્રી નવરાત્રિમાં ત્રીજા દિવસે દેવી ચંદ્રઘટાવિશે જોયું જ્યોતિષાચાર્યની માન્યતા મુજબ, કહેવામાં આવે છે કે દેવી ચંદ્રઘટા શુક્ર ગ્રહ સાથે સબંધિત છે.ચૈત્ર નવરાત્રી ત્રીજો દિવસમાં, જે લોકોની કુંડળી માં શુક્ર ગ્રહ કમ જોર અવસ્થામાં હોય છેકે પછી જે લોકોને પોતાના જીવનમાંથી શુક્ર ગ્રહના ખરાબ પ્રભાવને દુર કરવા હોય એમને ખાસ કરીને માચંદ્રઘટાની પુજા કરવાની સલાહ આપવા માં આવે છે.

દેવી ચંદ્રઘટાના નામનો મતલબ જાણો છો તમે?દર અસલ ચંદ્ર મતલબ ચંદ્રમા અને ઘંટા મતલબ ઘંટાની સમાન.માના માથા ઉપર ચમકતા ચંદ્રમાના કારણેજ દેવીનું નામ ચંદ્રઘટા પડેલું છે.દેવીને ચંદ્રા ખંડાના નામે પણ ઓળખવામાં આવે છે. ચૈત્ર નવરાત્રી ત્રીજો દિવસ માનું આ રૂપ ભક્તોને સાહસ અને વીરતા આપે છે અને એમના જીવનમાંથી તમામ દુ:ખો ને દુર કરે છે.એમતો આ રૂપ પણ બહુ શાંત સ્વભાવનું છે પરંતુ જયારે એ ક્રોધિત થાય છે ત્યારે રુદ્ર રૂપ ધારણ કરી લ્યે છે.

મા ચંદ્રઘટાનું પુજા મહત્વ માનવા માં આવે છે કે મા ચંદ્રઘટાની પુજા કરવાથી લોકોના જીવનમાં બધા જ પાપ અને બાધાઓ દુર થાય છે ચૈત્ર નવરાત્રી ત્રીજો દિવસમાં ચંદ્ર ઘટાની કૃપાથી લોકો પરાક્મી અને નિર્ભય થઇ જાય છે. આનાસિવાયમાં પોતાના ભક્તોની પ્રેત બાધા ઓથી પણ રક્ષા કરે છે.માનીવિધિ મુજબ પુજા, અર્ચના કરવાથી લોકોને વીરતા, નિર્ભયતાની સાથે સ્વામિતા અને વિનમ્રતા મળે છે.આના સિવાય માં ચંદ્રઘટા ની પુજા કરવાથી લોકો બધાજ કષ્ટો થી મુક્તિ મેળવે છે જીવનમાં.

મા ચંદ્રઘટાને જરૂર ચડાવો આ પ્રસાદ વાત કરીએ,વાતમાં ચંદ્રઘટા ના પ્રિય પ્રસાદીની તો નવરાત્રીના ત્રીજા દિવસની પુજામાં દુધને જરૂર શામિલ કરો.દુધ ને પુજા માં જરૂર શામિલ કરો. પુજા પુરી થયા પછી આને કોઈ બ્રાહ્મણ ને આપી દો તો આને બહુ શુભ માનવામાં આવે છે.જો તમારી ઈચ્છા હોય તો માં ને સફેદ કલર ની પ્રસાદી પણ ચડાવી શકો છો જેમકે દુધ કે ખીર ને.આના સિવાય માને છાશ ની પ્રસાદી ચડાવીએ પણ બહુ શુભ માનવામાં આવે છે.

# બોલિવૂડ સ્ટાર્સનાં આલિશાન મહેલ સમાન અબજોનાં બંગલો



## અમિતાભે 'જલસા' બંગલો ખરીદ્યો નહોતો પણ ફિલ્મ 'સત્તે પે સત્તા'ના નિર્માતા એનસી સિપ્પીએ ગિફ્ટમાં આપ્યો હતો

બોલિવૂડનાં સિતારાઓ તેમનાં અભિનયની સાથે સાથે ભવ્ય લાઈફસ્ટાઈલ, મોંઘી કાર અને શોખને કારણે પણ ચર્ચામાં રહેતા હોય છે. તેમની લાઈફસ્ટાઈલમાં ઘર પણ મહત્વની ભૂમિકા ભજવે છે. આમ, તો આ સુપરસ્ટાર મોટાં ઘરોમાં રહેતા હોય છે પણ કેટલાંક સ્ટાર એવા છે જેમનાં ઘર કોઈ આલીશાન મહેલથી સહેજ પણ ઉતરતા નથી. કિંગ ખાનનું ઘર 'મન્નત' ફિલ્મસ્ટાર્સનાં આલીશાન બંગલોમાં સ્થાન પામે છે. મુંબઈનાં બેન્ડસ્ટેન્ડમાં છ માળનાં આ સી-ફેસિંગ બંગલોની કિંમત રૂ. ૨૦૦ કરોડ આંકવામાં આવે છે. આ બંગલોનું મૂળ નામ 'વિલા વિયેના' હતું અને શાહરુખે વર્ષ ૨૦૦૧માં બાઈ ખુરશીદ ભાનુ સંજાણા ટ્રસ્ટ પાસેથી ખરીદ્યો હતો અને ૨૦૦૫માં તેનું નામ 'મન્નત' રાખ્યું હતું. રણબીર કપૂર પત્ની આલિયા ભટ્ટ સાથે પાલી હિલમાં આવેલા ઘર 'વાસ્તુ'માં રહે છે. ૨૪૬૦ સ્કવેર ફુટનાં આ ઘરની કિંમત રૂ. ૩૫ કરોડ આંકવામાં આવે છે. સ્ટડીરૂમમાં રણબીરના દાદા અને પ્રસિધ્ધ અભિનેતા-દિગ્દર્શક રાજ કપૂરનું પોર્ટેટ લગાવવામાં આવ્યું છે. તાજેતરમાં જ રણબીર આલિયાએ રૂ. ૨૫૦ કરોડનો એપાર્ટમેન્ટ ખરીદ્યો છે, જે મુંબઈમાં સૌથી મોંઘો સેલિબ્રિટી બંગલો હશે કારણ કે તેની કિંમત શાહરૂખનાં 'મન્નત' અને અમિતાભનાં 'જલસા' બંગલોથી પણ વધુ છે. એક અહેવાલ પ્રમાણે રણબીર આ બંગલાની માલિક તરીકે એક વર્ષની દીકરી રાહા કપૂરનું નામ રાખશે. ખિલાડી અક્ષયકુમારનું ઘર સી ફેસિંગ છે, જેની કિમત રૂ. ૮૦ કરોડ છે. જુહુનાં આ ઘર સિવાય અક્ષય પાસે અનેક ઘર છે. વિદેશોમાં પણ તેનાં અનેક ઘર છે. કલાકારોનાં આલિશાન ઘરોમાં અજય દેવગણનાં ઘર 'શિવ-શક્તિ'નો પણ સમાવેશ કરવો પડે. જૂહુ સ્થિત આ ઘરની કિંમત આશરે રૂ. ૬૦ કરોડ છે. વિરાટ કોહલી ઓમકાર ૧૯૭૩ નામનાં ત્રણ ટાવરનાં કોમ્પ્લેક્સમાંથી સી ટાવરમાં ૩૫મા માળે ચાર બેડરૂમનાં લક્ઝુરિયસ એપાર્ટમેન્ટમાં રહે છે. ૭૧૭૧ સ્કવેર ફુટનાં એપાર્ટમેન્ટમાંથી અરબી સમુદ્રનો ખૂબસુરત નજારો જોવા મળે છે. રણવીરસિંઘ અને દિપીકા મુંબઈમાં લક્ઝરીયસ સી-વ્યુ ક્વાડ્રાપ્લેક્સ એપાર્ટમેન્ટમાં રહે છે. તેઓ શાહરૂખનાં પડોશી છે. રણવીર અને તેના પિતાની કંપનીએ બેન્ડસ્ટેન્ડ બાન્દ્રામાં અન્ડરકન્સ્ટ્રક્શન સાગર રેશમ કો-ઓપ હા.સો.માં ૧૬થી ૧૯મો માળ ખરીદ્યો હતો. ૧૧૨૬૬ સ્કવેર ફુટ કારપેટ એરિયા ધરાવતો આ એપાર્ટમેન્ટ રૂ. ૧૧૯ કરોડમાં ખરીદ્યો હતો. બીગ બીનો બંગલો 'જલસા' બોલિવૂડનાં સૌથી મોંઘા ઘરોમાં સ્થાન પામે છે. મિડીયા અહેવાલો પ્રમાણે ૧૦,૦૦૦ સ્કવેર ફુટ વિસ્તારમાં ફેલાયેલા જલસાની કિંમત ૧૦૦થી રૂ. ૧૨૦ કરોડની આસપાસ આંકવામાં આવે છે. જુહુમાં આવેલા આ બંગલોમાં અમિતાભ પત્ની જયા, પુત્ર અભિષેક, પુત્રવધુ ઐશ્વર્યા રાય, પૌત્રી આરાધ્ય બચ્ચન સાથે રહે છે. તમને જાણીને નવાઈ લાગશે કે અમિતાભે આ બંગલો ખરીદ્યો નહોતો પણ ૧૯૮૨માં રિલીઝ થયેલી ફિલ્મ 'સત્તે પે સત્તા'ના નિર્માતા એનસી સિપ્પીએ અમિતાભને ગિફ્ટમાં આપ્યો હતો.

# ૪૩ વર્ષની ઉંમરે પણ શ્વેતા તિવારીમાં ઉભરતી અભિનેત્રીઓને ટક્કર આપવાની ક્ષમતા



અમે અહીં જે અભિનેત્રી વિશે વાત કરી રહ્યા છીએ તેની એક્ટિંગ અને ફોટો જોઈને તમને તેની ઉંમર વિશે કોઈ ખ્યાલ નહીં આવે. ૪૩ વર્ષની ઉંમરે પણ શ્વેતા તિવારી ઉભરતી અભિનેત્રીઓને ટક્કર આપવાની ક્ષમતા ધરાવે છે. ભોજપુરી ફિલ્મ ઉદ્યોગ અને ટીવીમાં પોતાની ઓળખ બનાવ્યા પછી અભિનેત્રીએ ઓટીટી કરફ વળી અને ત્યાં પણ તેણે અભિનયની કુશળતા બતાવી છે. શ્વેતા તિવારીએ ટીવીની સૌથી લોકપ્રિય સીરિયલ 'કસૌટી ઝિંદગી કી'માં મુખ્ય ભૂમિકા ભજવીને દરેક ઘરમાં લોકપ્રિયતા મેળવી હતી. પ્રેરણા શર્માનું પાત્ર ભજવીને તે નાના પડદા પર એક અવિસ્મરણીય નામ બની ગઈ. તેણે માત્ર ૧૨ વર્ષની ઉંમરે ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો અને ભોજપુરી ફિલ્મોથી તેની કારકિદીની શરૂઆત કર્યા પછી અભિનેત્રીએ સિરિયલો અને બોલિવૂડ ફિલ્મોમાં પણ ઘણું નામ કમાવ્યું. અભિનેત્રી ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરતી વખતે તેના પૂર્વ પતિ રાજા ચૌધરીને મળી હતી. મિત્રતા તરીકે શરૂ થયેલો તેમનો સંબંધ ટૂંક સમયમાં પ્રેમમાં બદલાઈ ગયો અને તેણીએ તેના પરિવારની વિરુદ્ધ જઈને રાજા ચૌધરી સાથે લગ્ન કર્યા. જ્યારે શ્વેતા તિવારીએ રાજા ચૌધરી સાથે લગ્ન કર્યા ત્યારે તે માત્ર ૧૮ વર્ષની હતી અને ૨૦ વર્ષની ઉંમરે તે એક પુત્રીની માતા પણ બની હતી. પુત્રી પલક તિવારીના જન્મના થોડા સમય બાદ અભિનેત્રીએ તેના પતિ સાથે છૂટાછેડા લીધા હતા. ડિરેક્ટર રાજા ચૌધરીથી છૂટાછેડા લીધાના ઘણા વર્ષો પછી અભિનેત્રીના જીવનમાં પ્રેમ ફરી વળ્યો અને તેણે ૨૦૧૩માં અભિનવ કોહલી સાથે બીજી વાર લગ્ન કર્યા. આ લગ્નથી શ્વેતા તિવારીને એક પુત્ર છે, પરંતુ તેમના સંબંધો પણ લગ્નના ૬ વર્ષ પછી તૂટી ગયા. પ્રેમમાં બે વખત દગો મળ્યા બાદ શ્વેતા હવે તેની પુત્રી પલક તિવારી અને પુત્ર રેયાંશ કોહલી સાથે એકલી રહે છે. હવે જો વર્ક ફ્રન્ટની વાત કરીએ તો અભિનેત્રી છેલ્લે રોહિત શેટ્ટીની વેબ સિરીઝ 'ઈન્ડિયન પોલીસ ફોર્સ'માં જોવા મળી હતી અને હવે તે આ વર્ષે રિલીઝ થનારી ફિલ્મ 'સિંઘમ અગેન'માં જોવા મળશે.

# એક સમયે ૧૦ હજારમાં કરતી હતી કામ, હવે ડેબ્યૂ સાથે જ મળ્યો લીડ રોલ






## આ ફિલ્મમાં એક ટ્રાન્સ અભિનેત્રીએ મુખ્ય ભૂમિકા ભજવી છે, જે એક સમયે ૧૦,૦૦૦ રૂપિયામાં કામ કરતી હતી

એકતા કપૂર અને દિબાકર બેનર્જી ટૂંક સમયમાં તેમની ફિલ્મ 'લવ સેક્સ ઔર ધોખા ૨'ને લઈ દર્શકોની વચ્ચે આવશે. ફિલ્મનું ટીઝર રિલીઝ થઈ ગયું છે. નિર્માતાઓએ ફિલ્મમાં ટ્રાન્સજેન્ડર પાત્ર કુલુ દ્વારા મનોરંજન જગતનું કડવું સત્ય વ્યક્ત કર્યું છે, પરંતુ કુલુનું પાત્ર કોણ ભજવી રહ્યું છે? મેકર્સે હવે એક વીડિયો દ્વારા આનો જવાબ આપ્યો છે, જેમાં બોનિતા રાજપુરોહિત અને તેની અનટોલ્ડ સ્ટોરી કહેવામાં આવી છે. વીડિયોમાં તમે બોનિતાને તેની વાર્તા જણાવતા જોઈ શકો છો. અભિનેત્રી રાજસ્થાનની છે. તેણે જણાવ્યું કે તે એક પ્રોડક્શન કંપની સાથે જોડાયેલી હતી. તે દર મહિને ૧૦,૦૦૦થી ૧૫,૦૦૦ રૂપિયા કમાતી હતી, જે ટકી રહેવા માટે પૂરતી ન હતી. બોનિતા પોતાની જેવી મહિલાઓને પડદા પર જોઈને એક્ટિંગ તરફ આકર્ષાઈ હતી. તેને ખાતરી નહોતી કે કોઈ દિવસ તે બોલિવૂડની ફિલ્મમાં ટ્રાન્સ વુમનની ભૂમિકા ભજવશે. તે કહે છે, 'કેટલાક સપના પૂરા થયા. બોનિતાના અભિનય પર દિબાકર બેનર્જીએ કહ્યું, 'તેણે પોતાનું સર્વશ્રેષ્ઠ આપ્યું છે.' બોનીતા રાજપુરોહિતે કહ્યું, 'મેં સપનામાં પણ વિચાર્યું ન હતું કે મને ફિલ્મમાં કામ કરવાની તક મળશે.' વીડિયોમાં ટ્રાન્સ એક્ટ્રેસ તેની ફિલ્મની ટીમના સભ્યો સાથે વાતચીત કરતી જોવા મળે છેવીડિયોની સાથેના કેપ્શનમાં લખ્યું છે, 'કુલુએ સપનાના શહેરમાં પોતાના દિલનો અવાજ સાંભળ્યો. 'લવ સેક્સ ઔર ધોખા ૨'ની પહેલી લીડ એક્ટ્રેસ કુલુને મળો. આ ફિલ્મ ૧૯મી એપ્રિલે રિલીઝ થઈ રહી છે.બોનીતાએ આ ફિલ્મમાં ટ્રાન્સ એક્ટ્રેસની ભૂમિકા ભજવી છે જે એક રિયાલિટી શોનો ભાગ બને છે. ફિલ્મમાં અનુ મલિક, સોફી ચૌધરી, તુષાર કપૂર, મૌની રોય સહિત ઘણા સેલેબ્સે કેમિયો રોલ કર્યો છે. આ ફિલ્મ ૧૯ એપ્રિલે સિનેમાઘરોમાં રિલીઝ થશે.




# સ્ટાર કિડ્સને યોગ્યતા વગર સારાં રોલ મળી જાય છે : ક્રિતિ સેનન



## તાજેતરમાં શાહીદ કપૂર સાથેની ફિલ્મ તેરી બાતોં મેં ઐસા ઉલઝા જિયા ફિલ્મને દર્શકોએ અને ક્રિટિક્સે પણ વખાણી હતી

એક ઈન્ટરવ્યુમાં ક્રિતિએ તેની કારકિદી અંગે ખુલીને વાત કરી હતી. તેણે પોતાનાં અનુભવ પરથી જણાવ્યું કે સ્ટાર કિડ્સને પોતાની યોગ્યતા સાબિત કર્યા વગર પણ ફિલ્મોમાં કામ કરવાના સારી તક મળી રહી છે. એક સમય એવો હતો, જ્યારે હું ઈચ્છતી હતી કે હું એક અભિનેત્રી તરીકે મારી ક્ષમતાને સાબિત કરું, પરંતુ મારી પાસે ફક્ત જૂજ તકો જ હતી. જ્યારે, નવા ચહેરા મોટા ભાગે ફિલ્મ બેક ગ્રાઉન્ડવાળા પરિવારમાંથી આવતા હતા, જેમનામાં કોઈ પ્રતિભા ન હોવા છતાં તેમને સારા રોલ મળી જતા હતા. પોતાની ક્ષમતા પુરવાર કરવાની અને પડકારોનો સામનો કરવાની તાકાત અંગે ક્રિતેએ જણાવ્યું કે, હું હંમેશા કહેતી આવી છું કે, "એક્ટર કે તૌર પર આપકો જીતના ઘડા મિલેગા, ઉતના હી આપ ભર સકતે હો. અગર આપકો છોટા બર્તન દિયા જાય તો ઉસ મેં આપ ઉતના હી પાની ભર સકતે હો. અગર આપકો બડા બર્તન દિયા જાયેગા તો આપ ઔર ભર સકતે હો." અભિનેત્રીએ ઉમેર્યું કે હું નિરાશ થઈ રહી હતી, કારણ કે મને ખબર હતી કે હું શું કરી રહી છું. જોકે, ત્યારે મારી પાસે કોઈ પ્રોજેક્ટ નહતો. એ સમયે કેટલાક નવા ચહેરા પણ આવ્યા હતા, જેમાં કેટલાક ફિલ્મી બેકગ્રાઉન્ડમાંથી હતા, ત્યારે મને લાગ્યું કે મારે કંઈક નવા રોલ કરવા જોઈએ. એવામાં મને 'મિમી' ફિલ્મ ઓફર થઈ. મને આ ફિલ્મની ઓફર થઈ ત્યારે હું આ પડકારજનક ભૂમિકા સાથે ન્યાય કરવા તૈયાર હતી. હીરોપંતી ફિલ્મમાં ટાઈગર શ્રોફ સાથે બોલિવૂડમાં કારકિદી શરૂ કર્યા પછી ૧૦ વર્ષમાં ક્રિતિએ ઘણો સંઘર્ષ કર્યો છે. ક્રિતિની આગામી ફિલ્મ 'દો પત્તી' તેનાં હોમ પ્રોડક્શન હાઉસ દ્વારા નિર્મિત છે, જેમાં દર્શકોને ઉત્તર ભારતના રમણીય પર્વતોની રોમાંચક સફર જોવા મળશે. અભિનેત્રી કાજોલ અને તન્વી આઝમી સહિતની સ્ટારકાસ્ટ ધરાવતી આ ફિલ્મ થ્રિલર જોનરમાં ક્રિતિનું પ્રથમ સાહસ છે. દર્શકો તથા વિવેચકો તેની આતુરતા રાહ જોઈ રહી છે. કરીના કપુર, તબ્બુ અને ક્રિતિ સેનન સ્ટારર ફિલ્મ 'ક્રૂ'એ રિલીઝનાં નવમા દિવસે રવિવાર સુધીમાં ગ્લોબલ બોક્સ ઓફિસ પર રૂ. ૧૦૪.૮ કરોડની કમાણી કરી લીધી છે. રવિવારે તબ્બુ અ કરીનાએ તેમનાં ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર કલેક્શનનાં લેટેસ્ટ આંકડા શેર કર્યા હતા. કરીનાએ પણ આ આંકડા શેર કરીને ફિલ્મની કાસ્ટ અને ક્રુ મેમ્બર્સને ટેગ કર્યા હતા.



# કાર્તિક આર્યને કોલકાતાના હાવડા બ્રિજ પર ફિલ્મ 'ભૂલ ભૂલૈયા ૩'નું શૂટિંગ કર્યું

## રિપોર્ટ્સનું માનીએ તો એનિમલ ફેમ તૃપ્તિ ડિમરી અને વિદ્યા બાલન ફિલ્મ ભૂલ ભૂલૈયા ૩માં મહત્વની ભૂમિકામાં જોવા મળશે

બોલિવુડની અપકમિંગ ફિલ્મ ભૂલ ભૂલૈયા ૩ને લઈ ચાહકો ખુબ જ ઉત્સાહિત છે, બોલિવુડ સ્ટાર કાર્તિક આર્યનની અપ કમિંગ ફિલ્મ સાથે જોડાયેલી કેટલીક અપડેટ સામે આવી છે. ફિલ્મનું શુટિંગ છેલ્લા ૧ મહિનાથી શરુ થઈ ચુક્યું છે. ભૂલ ભૂલૈયા ૩ કાર્તિક આર્યનની બિગ બજેટની અપકમિંગ ફિલ્મ છે. ફિલ્મમાં વિદ્યા બાલન અને તૃપ્તિ ડિમરી જોવા મળશે. બંન્નેએ શૂટિંગ પણ શરુ કરી દીધું છે. હાલમાં બંન્ને કોલકત્તામાં કેટલાક લોકેશન પર શૂટિંગ કરી રહ્યા છે. બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યન તેની ફિલ્મ 'ભૂલ ભૂલૈયા ૩'ના શૂટિંગ દરમિયાન કોલકાતાના હાવડા બ્રિજ પર જોવા મળી રહ્યો છે.રિપોર્ટ્સનું માનીએ તો એનિમલ ફેમ તૃપ્તિ ડિમરી અને વિદ્યા બાલન ફિલ્મ ભૂલ ભૂલૈયા ૩માં મહત્વની ભૂમિકામાં જોવા મળશે.વાયરલ થઈ રહેલા ફોટોમાં કાર્તિક આર્યન રુહ બાબાના લુકમાં જોવા મળી રહ્યો છે. કાર્તિક આર્યન બાઈક પર બેસેલો જોવા મળી રહ્યો છે. કાર્તિકના ચાહકો પણ આ ફોટો જોઈ ખુશ થયા છે.તમને જણાવી દઈએ કે, ભૂલ ભૂલૈયા ૩માં કાર્તિક આર્યન રુહ બાબાના રોલમાં જોવા મળશે. તો વિદ્યા બાલન મંજુલિકા બની ફરી એક વાર ચાહકોને ડરાવશે. તૃપ્તિ ડિમરી કાર્તિકની ગર્લફ્રેન્ડના રોલમાં જોવા મળી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ ફિલ્મ દિવાળીમાં રિલીઝ થશે.આ પહેલા ભૂલ ભૂલૈયાના ૨ પાર્ટ બોક્સ ઓફિસ પર હિટ રહ્યા છે. જેમાં પહેલા પાર્ટમાં અક્ષય કુમાર લીડ રોલમાં હશે, તો બીજા અને ત્રીજા પાર્ટમાં કાર્તિક આર્યન મહત્વના રોલમાં જોવા મળી શકે છે.



# લગન પહેલા 'શિવ શક્તિ' ફેમ અભિનેત્રીની સગાઈ તૂટી

'શિવ શક્તિ – તપ તાંડવ ત્યાગ'માં દેવીના રૂપમાં જોવા મળેલી અભિનેત્રી સુભા રાજપૂત હાલમાં તેની અંગત જિંદગીને કારણે ચર્ચામાં જોવા મળી છે. સુભા રાજપૂતને લઈને એવા અહેવાલો પણ સામે આવી રહ્યા છે કે અભિનેત્રીએ વિભવ રોય સાથે સગાઈ તોડી નાખી છે. ત્રણ વર્ષના અફેર પછી સુભા અને વૈભવની ૨૫ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ સગાઈ થઈ હતી. પરંતુ કમનસીબે, સગાઈના ૨ વર્ષ પછી, બંને અલગ થઈ ગયા. બંનેએ તેમની સગાઈ તોડી નાખી છે. એટલું જ નહીં બંનેએ સોશિયલ મીડિયા પરથી તેમની સગાઈના ફોટા પણ ડિલીટ કરી દીધા છે. સુભા અને વિભવની મુલાકાત વર્ષ ૨૦૧૯માં વેબ સીરિઝ 'પ્યાર ઈશ્ક રેન્ટ'ના શૂટિંગ દરમિયાન થઈ હતી. આ પછી તેઓ મિત્રો બન્યા અને એક વર્ષ પછી જ ડેટિંગ કરવાનું શરૂ કર્યું. આ પછી બંનેએ ખૂબ જ ધામધૂમથી સગાઈ કરી હતી. પરંતુ હવે તેમનો સંબંધ તૂટી ગયો છે. આ કપલની સગાઈ તૂટવાનું કારણ બહાર આવ્યું નથી. પરંતુ ચર્ચાઈ રહ્યું છે કે બંનેએ સહસંમતિથી સગાઈ તોડવાનો નિર્ણય લીધો છે. તેમના વર્ક ફ્રન્ટની વાત કરવામાં આવે તો સુભા રાજપૂતે ઘણા ટી.વી. શોમાં કામ કર્યું છે. તે 'ઈશ્કબાઝ', 'બેકાબૂ', 'દિલ બોલે ઓબેરોય' જેવા ઘણા શોમાં જોવા મળી છે. વિભવે 'ડોલી અરમાઓ કી', 'મેરી સાસ ભૂત હૈ', 'ગુસ્તાક દિલ', 'કુછ તો હૈ તેરે મેરે દર્મિયાં' વગેરેમાં કામ કર્યું છે. ટીવી શો સિવાય વિભવ ઘણી લોકપ્રિય ફિલ્મોમાં પણ જોવા મળ્યો છે. તેણે રણવીર સિંહ અને દીપિકા પાદુકોણની ફિલ્મ 'પદ્માવત'માં પણ કામ કર્યું છે.

# 'બિગ બોસ ઓટીટી ૩'નું ભવ્ય પ્રીમિયર ૧૫ મેના રોજ આવે તેવી શક્યતા

બિગ બોસ એ ટીવીની દુનિયામાં ખૂબ જ લોકપ્રિય રિયાલિટી શો છે, તેથી તેની સફળતાને જોઈને, મેકર્સ બિગ બોસ ઓટીટી વર્ઝન લઈને આવ્યા હતા. જાણીતું જ છે કે તેને પણ જબરદસ્ત સફળતા મળી હતી. ઓટીટીની પહેલી સિઝનમાં દિવ્યા અગ્રવાલ વિજેતા બની અને ત્યાર બાદ યુટ્યુબર એલ્વિશ યાદવ વિજેતા બન્યા હતા. હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે મેકર્સ તેનો ત્રીજો ભાગ લાવી રહ્યા છે અને એક નવું અપડેટ સામે આવ્યું છે. લાંબા સમયથી રાહ જોઈ રહેલા ફેન્સ માટે આખરે સારા સમાચાર આવ્યા છે. નિર્માતાઓએ શોના ઓટીટી વર્ઝનના પ્રીમિયર અંગે અપડેટ શેર કર્યુ છે. આ સાથે શોમાં સામેલ થનારા સંભવિત કન્ટેસ્ટન્ટ નામ પણ આવવા લાગ્યા છે. સાથે જ હવે બિગ બોસ ઓટીટી ૩ ની પ્રીમિયર તારીખ જાહેર થઈ ગઈ છે. ચાલો જાણીએ કે બિગ બોસ ઓટીટી ૩નું પ્રીમિયર કયા દિવસે આવશે. રિપોર્ટ્સ અનુસાર, બિગ બોસ ઓટીટી ૩નું પ્રીમિયર આવતા મહિને ૧૫ મેના રોજ આવે તેવી શક્યતા છે. જો કે હજુ સુધી આ વાતની પુષ્ટિ થઈ નથી. હાલમાં, શો વિશે વધુ જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ ઘણા કન્ટેસ્ટન્ટ મેકર્સ સાથે વાતચીત કરી રહ્યા છે. જણાવી દઈએ કે બિગ બોસ ૧૭ના ફિનાલેથી એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે અંકિતા લોખંડેના પતિ વિકી જૈન ઓટીટી ૩નો ભાગ બની શકે છે.

# લિપ સર્જરીને લઈ મંદિરા બેદી સોશ્યલ મીડિયા પર થઈ ટ્રોલ

અભિનેત્રી અને ફેશન ડિઝાઈનર મંદિરા બેદી આ દિવસોમાં ભલે સ્ક્રીન પર જોવા ન મળે, પરંતુ મંદિરા બેદી સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે. તેનો લુક અને સ્ટાઈલ લોકોના દિલ જીતી લે છે. ૫૧ વર્ષીય અભિનેત્રી બે બાળકોની માતા છે, તેમ છતાં તેની ફિટનેસની કોઈ સરખામણી નથી. મંદિરા બેદીની તસવીરો એ વાતનો પુરાવો છે કે તે કેટલી સ્વસ્થ છે, પરંતુ હાલમાં જ મંદિરાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં મંદિરાનો ચહેરો જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા હતા.અભિનેત્રી તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર વીડિયો દ્વારા ફિટનેસ ટિપ્સ શેર કરતી જોવા મળે છે. તાજેતરમાં જ મંદિરાએ વિડીયો શેર કરીને જણાવ્યું હતું કે લોકો વૃદ્ધાવસ્થામાં પણ કેવી રીતે તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખી શકે છે અને તેઓએ પોતાને કેવી રીતે સ્વસ્થ અને ફિટ રાખવા જોઈએ? પરંતુ આ વીડિયોમાં મંદિરાનો ચહેરો થોડો અલગ જ દેખાઈ રહ્યો હતો. તેનો અલગ ચહેરો જોઈને કેટલાક યુઝર્સે વિચાર્યુ કે મંદિરાએ લિપ સર્જરી કરાવી છે.આ વાતને લઈને મંદિરા બેદીને ઘણી ટ્રોલ કરવામાં આવી રહી છે પણ હવે અભિનેત્રીએ ટ્રોલર્સને જોરદાર જવાબ આપ્યો છે. મંદિરા એ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે દરેક એંગલથી પોતાનો ચહેરો બતાવતી જોવા મળી રહી છે.

# ગઢ ગામમાં આયોજીત રાત્ર સભામાં ગેનીબેન ઠાકોરે ભાજપ પર આકરા પ્રહાર કર્યો

| (એજન્સી) બનાસકાંઠા, તા.૧૦ |

બનાસકાંઠા લોકસભા સીટ પરથી કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોર જિલ્લાના ગામડા ખૂંદીને પ્રચાર કરી રહ્યા છે. આ દરમિયાન તેઓ સતત ભાજપ પર આકરા પ્રહાર કરી રહ્યા છે. બનાસકાંઠાના કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે ગઢ ગામમાં આયોજીત રાત્રિ સભામાં ફરી એકવાર ભાજપ પર આકરા પ્રહારો કરીને ખળભળાટ મચાવી દીધો છે. બનાસકાંઠાના કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે ગઢ ગામે પોતાનું નિવેદન આપતા જણાવ્યું હતું કે, ચૂંટણી પહેલા ભાજપવાળા દરેક સીટ ઉપર ૫ લાખની લીડની વાત કરતા હતા અને ભાષણ કરતા હતા. જેમ ઉમેદવારો નક્કી થયા બાદ અમારે બનાસકાંઠામાં તો આખી સિસ્ટમ ચેન્જ થઈ છે, આવી સિસ્ટમ કદાચ ગુજરાતમાં કોઈ જગ્યાએ નહિ હોય. હવે તેમને જીતવું કાઠું લાગતા બનાસકાંઠાના ૨૦ લાખ મતદારો ઉપર વિશ્વાસ નથી. જેથી તેવો પાટણ લોકસભાના વડગામના મતદારો કેન્સલ કરી પાલનપુરમાં લાવી રહ્યા છે અને રાધનપુરના ભાભરમાં લાવી રહ્યા છે.



ગેનીબેન ઠાકોરે વધુમાં જણાવ્યું હતું કે, જો બહારથી મતદારો લાવવા પડતા હોય તો ભાજપ ના ૫ લાખની લીડના દાવા પોકળ છે. એકબાજુ જનશક્તિ છે અને બીજી બાજુ ધન શક્તિ છે. જો ધનશક્તિથી લોકશાહી ખરીદાતી હોય તો મુકેશ અંબાણી અને ગૌતમ અદાણી બન્ને ભેગા થઈને ૫૪૨ સીટો ખરીદી નાંખે. તેમણે જણાવ્યું હતું કે મારે લોકસભાની ચૂંટણી લડવી ન હતી પણ મને કિરીટ પટેલે કહ્યું કે તમારે પાર્ટી સંઘર્ષમાં છે એવા સમયે ચૂંટણી લડવી પડે. મેં કહ્યું કે મારી પાસે ડિપોઝીટ ભરવાના પણ પૈસા નથી તો કહ્યું કે વાંધો નહિ અમે બેઠા છીએ. એ બેઠા છે કે નહીં એ મને ખબર નથી પણ લોકો મારી પાસે પૈસાનો ખર્ચ કરાવતા નથી. ગેનીબેન ઠાકોરે જણાવ્યું હતું કે, અમારા સમાજના અનેક દીકરાઓ પણ જેલમાં છે. અહીં પણ પાટીદાર સમાજના યુવાનો ઉપર ખોટા કેસ કર્યા છે. અમે ચંદનજી ઠાકોર અને કિરીટભાઈ જે સમાજના દીકરાઓ ઉપર ખોટા કેસ કર્યા છે તેની સામે રજુઆત કરીશું ગઢ ખાતે સભામાં પાટણના કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર ચંદનજી ઠાકોર, પાટણ ધારાસભ્ય કિરીટ પટેલ સહિત અનેક કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લીમડી પો.સ્ટેશનમા પ્રોહીના ગુનામાંબે વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી દાહોદ એસ.ઓ.જી પોલીસ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ |

લીમડી પોલીસ સ્ટેશનમાં બે વર્ષ થી પ્રોહી ગુનામાં છેલ્લા બે વર્ષથી તેમજ અપહરણના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને દાહોદ એસ.ઓ.જી શાખા એ ઝડપી પાડેલ છે. દાહોદ એસ.ઓ.જીના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ. ગામેતી પોતાના સ્ટાફ સાથે કોમ્બિંગ નાઈટમા હતા તે દરમ્યાન બાતમી મળેલ હતી કે લીમડી પોલીસ સ્ટેશનમાં અલગ અલગ બે ગુનામાં નાસતો ફરતો આરોપી અક્ષયભાલ મસુલભાઈ મુનીયા (ડુંગરી, ગેંગરીયા ફળીયા, ઝાલીદ) તેના ઘરે આવેલ હોવાની માહિતીના આધારે તેના ઘરે કોમ્બીંગ કરી ઝડપી પાડવામાં દાહોદ એસ.ઓ.જી પોલીસને સફળતા મળેલ છે.



# મહિલા સશક્તિકરણ એ સમુદાયના વિકાસનો આધાર છે
# સમાજમાં મહિલા નેતૃત્વ અંગે રાજ્ય કક્ષાની મહી મહિલા કિસાન મંચની ત્રિમાસિક બેઠક

| (એજન્સી) બનાસકાંઠા, તા.૧૦ |

રાષ્ટ્ર નિર્માણ અને વિકાસમાં મહિલાઓએ હંમેશા અગ્રણી ભૂમિકા ભજવી છે, જે કોઈપણ સમાજ અથવા સમુદાયની આર્થિક, સામાજિક અને રાજકીય પ્રગતિ માટે મહત્વપૂર્ણ છે. સમાવિષ્ટ નિર્ણય લેવા અને સમુદાય આયોજન, સંસાધન ફાળવણી અને નીતિ નિર્માણમાં મહિલા નેતૃત્વની ભૂમિકા સમુદાયની વિવિધ જરૂરિયાતો અને પરિપ્રેક્ષ્યોને સંબોધવામાં મદદ કરે છે.

રાજ્ય કક્ષાની મહિલા કિસાન મંચ, ગુજરાતની ત્રિમાસિક બેઠકમાં 'સ્થાનિક નેતૃત્વમાં મહિલાઓની સમસ્યાઓ અને તેના નિરાકરણમાં પ્લેટફોર્મની ભૂમિકા' વિષયની ચર્ચામાં 'સામુદાયિક વિકાસમાં મહિલા નેતૃત્વની ભૂમિકા' વિષય પર બોલતા, બાબુ લાલ. ચૌધરીએ જણાવ્યું હતું કે સ્થાનિક સંસાધનો મહિલાઓને શિક્ષણની વધુ પહોંચ છે અને તેઓ તેમના પરિવાર અને સમુદાયના શિક્ષણ અને આરોગ્યમાં પુરુષો કરતાં વધુ રોકાણ કરે છે.

શ્રીમતી સીતા બેનની અધ્યક્ષતામાં ઝીલાઈ માતાના મંદિરે આયોજિત આ બેઠકમાં તેમણે વધુમાં જણાવ્યું હતું કે પંચાયતી રાજ સંસ્થાઓમાં મહિલાઓએ વિવિધ સામુદાયિક વિકાસ પ્રોજેક્ટો શરૂ કર્યા છે અને અમલમાં મૂક્યા છે. આમાં જળ વ્યવસ્થાપન, સ્વચ્છતા, ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગરીબી નાબૂદી સંબંધિત પહેલનો સમાવેશ થાય છે. મહિલાઓની આગેવાની હેઠળની પ્રગતિ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ સાથે જોડાયેલી છે. આ પહેલો પર્યાવરણને અનુકૂળ અને સામાજિક રીતે જવાબદાર પ્રથાઓને પ્રોત્સાહન આપીને સમુદાયના લાંબા ગાળાના સુખાકારીમાં ફાળો આપે છે. બેઠકમાં ફતેપુરા, ઝાલોદની મહિલા સભ્યોની હાજરીમાં છેલ્લી ત્રિમાસિક બેઠકની સમીક્ષા કરવામાં આવી હતી. તેમાં ટકાઉ વિકાસના પડકારોની પણ ચર્ચા કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

હતી, જેમાંથી મુખ્ય પિતૃસત્તાના ઊંડા મૂળ હતા, જ્યાં મહિલાઓની સરખામણીમાં પરિવારોમાં પુરુષોની નિર્ણય લેવાની સત્તા સામાજિક રીતે ઊંડે ઊંડે ઉતરી ગઈ છે, જે મહિલા સશક્તિકરણ અને નેતૃત્વમાં અવરોધરૂપ છે. આ પ્રકારની વિચારસરણી બદલવી એ એક મોટો પડકાર છે.

ત્રિમાસિક બેઠકમાં સીતાબાઈએ કહ્યું કે વર્તમાન સમયમાં આપણે સ્થાનિક સંસાધનો (માટી, બીજ, પાણી વગેરે) ને ઓળખવા માટે આગળ આવવું પડશે અને આ પરિમાણોને જાતે ટ્રેક કરવા માટે સક્ષમ બનવું પડશે. જાહેર (ગોચર જમીન, ઓરણ, ગામ-જંગલ) અને ખાનગી ઉજ્જડ જમીનમાં છોડને બહુવિધ લાભો (ફાઈબર, ખોરાક, બળતણ, ઘાસચારો, ફળો) પ્રદાન કરવા માટે કૃષિ-પારિસ્થિતિક આજીવિકા અભિગમના મુખ્ય ઘટક તરીકે વૃક્ષોને અપનાવવાની જરૂર છે. ચરાઈ અને જમીનનો ઉપયોગ બંનેને સુધારવા માટે સમુદાયમાં જમીનની ક્ષમતા સાથે જોડાયેલ જમીનના ઉપયોગ માટે વૃક્ષ આધારિત અભિગમ સ્થાપિત કરવો જરૂરી છે. જમીનના ક્ષય અને જૈવવિવિધતામાં ફેરફારને કારણે પર્યાવરણ અને આજીવિકાની સમસ્યાઓ ઊભી થવા લાગી છે.

આના ઉકેલ તરીકે, સભ્યોએ ગ્રામ પંચાયતોની વિકાસ યોજનાઓમાં કૃષિ-પારિસ્થિતિક પુનર્જીવિત ખેતી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવા અને સામુદાયિક જરૂરિયાતોને અનુરૂપ ગામડાઓમાં જાહેર રોકાણ વધારવા માટે જિલ્લા અને રાજ્ય સ્તરે પહેલ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

# ગાંધીનગર શહેર સહિત જિલ્લાના મોટા શોપીંગ મોલ ખાતે અવશ્ય મતદાન કરવા ગ્રાહકોને શપથ લેવડાવવામાં આવ્યા

| (એજન્સી) ગાંધીનગર, તા.૧૦ |

ભારત માટે ગૌરવ સમા લોકશાહીના અવસરમાં સૌ કોઈ ઉત્સાહભેર સહભાગી બને તેવા ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લામાં મતદાન જાગૃત્તિ અર્થે અવનવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મહુલ દવેના માર્ગદર્શન હેઠળ વિવિધ મોટા શોપીંગ મોલ અને બજારોમાં મતદાન જાગૃત્તિ અંગેના કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લામાં સ્વીપ નોડલ અધિકારી શ્રી ડાં. બી.એન. પ્રજાપતિ અને તેમની ટીમ દ્વારા મતદાન જાગૃત્તિ અર્થે વિવિધ કાર્યક્રમનું સુચારું આયોજન કરવામાં આવી રહ્યું છે. લોકશાહીના અવસરની ઉજવણીમાં મતદાન કરીને સૌ કોઈ સહભાગી બને તે માટે ગાંધીનગર શહેર સહિત કલોલ અને અન્ય તાલુકાના મોટા શોપીંગ મોલ કે માર્કેટ નજીક મતદાન જાગૃત્તિ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો હતો.

જેમાં ગાંધીનગર શહેરના ડી-માર્ટ અને કલોલ શહેરમાં સુપર મોલ જેવા વેપારી મથકો ખાતે ખરીદી કરવા આવતાં ગ્રાહકોને લોકસભા સામાન્ય ચૂંટણીનું સંદર્ભે આગામી તા. ૦૭મી મે, ૨૦૨૪ના રોજ યોજાનાર મતદાન વખતે લોકશાહીના આ અવસરમાં આપ અવશ્ય મતદાન કરીને સહભાગી બનશો,તેવી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. તેમજ મોલની અંદર ખરીદી કરવા આવતાં ગ્રાહકોને લોકશાહી દેશમાં મતદાન કરવું તે આપણી નૈતિક ફરજ છે, આ ફરજ અદા કરવામાં આપની ચૂક ન થાય તે યાદ રહે તે માટે મોલ કે માર્કેટની નજીક બેનર – હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા હતા. તેમજ ગ્રાહક આનંદ સાથે ખરીદી કરીને બિલ બનાવવા માટે કાઉન્ટર પર જાય અને નાણાંની ચુકવણી કરે તે સમયે Paid ના સિક્કા સાથે 'મતદાન જરૂર કરીએ' તે પ્રકારનો સિક્કો મારીને મતદાન કરવાનું ગ્રાહકની માનસપટ્ટ પર અંકિત કરાવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો. ગાંધીનગર જિલ્લામાં શોપીંગ મોલ ખાતે આવતાં ગ્રાહકો માટે લોકશાહી અવસરમાં મતદાન જાગૃત્તિ અભિયાને નાગરિકોને પોતે વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશના નાગરિક હોવાનું ગૌરવ આપાવ્યું હતું. તેમજ ઘણા ગ્રાહકોએ સામે ચાલીને અવશ્ય મતદાન કરીશું તેવા શપથ લીધા હતા.

# રાજકોટ APMCમાં લસણ, ધાણા, અને જીરું સહિતના પાકની સાથે કાચી કેરીની પણ આવક થઈ

| (એજન્સી) રાજકોટ, તા.૧૦ |

માર્કેટ યાર્ડને આમ તો લોકો માત્ર જણસીઓની હરાજી માટે જ જાણતા હોય છે. પરંતુ હવે યાર્ડની છબી બદલાય તેવી શક્યાતાઓ ઊભી થઈ છે. રાજકોટ માર્કેટ યાર્ડ દ્વારા હવે ઘઉંનું વેચાણ પણ કરવામાં આવશે. યાર્ડ ધરતી પુત્રના નામે બ્રાન્ડ બનાવી છે. જેના થકી તે ઘઉંનું વેચાણ કરશે. યાર્ડમા પ્રીમિયમ ક્વોલિટીના ઘઉંનું વેચાણ સસ્તા દરે કરશે. ઉલ્લેખનીય છે કે, માર્કેટ યાર્ડમાં આજે લસણ, ધાણા અને જીરું સહિતના પાકની આવક થઈ હતી. રાજકોટ માર્કેટિંગ યાર્ડના યુવા ચેરમેન જયેશભાઈ બોઘરાના માર્ગદર્શન હેઠળ યાર્ડ દ્વારા વ્યાજબી ભાવમાં ઘઉંનું વેચાણ કરવામાં આવશે. માર્કેટિંગ યાર્ડના વાઈસ ચેરમેન વસંતભાઈ ગઢિયા, ડીરેક્ટર, સેક્રેટરી બી.આર. તેજાણી સહિતના યાર્ડ મેમ્બર્સના માર્ગદર્શન હેઠળ ઘઉંનું વેચાણ કરવામાં આવશે. માર્કેટિંગ યાર્ડ બેડી રાજકોટ આવક ગેટ પાસેના ભોજનાલયની બાજુમાં વેચાણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યો છે. અહીં ૬૮૦ રૂપિયા મણના ભાવે વેચાણ થઈ રહ્યું છે. રાજકોટ માર્કેટ યાર્ડમાં ધાણાની ૧૬૧૧ ક્વિન્ટલ આવક થઈ હતી. ધાણાનો ભાવ એક



મણનો ખેડૂતોને ૧૨૫૦થી ૧૮૪૦ રૂપિયા મળ્યા હતા. જ્યારે જીરુંની ૭૮૦ ક્વિન્ટલ આવક થઈ હતી. જીરુંનો એક મણનો ભાવ ખેડૂતોને ૩,૬૫૦ થી ૪,૫૭૫ રૂપિયા મળ્યા હતા. લસણની યાર્ડમાં ૧૨૦૦ ક્વિન્ટલ આવક થઈ હતી. લસણના ખેડૂતોને ૧૨૫૦થી ૨૭૭૫ રૂપિયા ભાવ મળ્યા હતા. માર્કેટ યાર્ડમાં લાલ સુકા મરચાની આવક થઈ હતી. યાર્ડમાં આજે લાલ સુકા મરચાની ૫૨૦ ક્વિન્ટલ આવક થઈ છે. મરચાના ખેડૂતોને ૧૩૦૦ થી ૩૮૦૦ રૂપિયા ભાવ મળ્યો હતો. રાજકોટ માર્કેટ યાર્ડમાં કાચી કેરીની ૧૫૪ ક્વિન્ટલ આવક થઈ હતી. યાર્ડમાં કાચી કેરીની શરૂઆત થઈ હોવાથી કાચી કેરીના ખેડૂતોને સારા ભાવ મળી રહ્યા છે.

# ગુજરાતમાં પાટીદાર વિરુદ્ધ પાટીદાર નેતા વચ્ચે જંગ, બે દાયકા જૂના ઈતિહાસનું પુનરાવર્તન!

| (એજન્સી) રાજકોટ, તા.૧૦ |

લોકસભાની ચૂંટણીઓની જાહેરાત થયા બાદ ભાજપે ઉમેદવારોના નામ જાહેર કર્યા અને ગુજરાતમાં ભડકો થયો. સૌથી ચર્ચામાં રહી રાજકોટની બેઠક. રાજકોટની બેઠક પર બે ટર્મના સાંસદનું પત્તુ કાપીને ભાજપે કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાને ટિકિટ આપી અને બસ ત્યારથી શરૂ થઈ ગઈ ભવાઈ...એક કાર્યક્રમમાં રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે વિવાદિત નિવેદન આપીને બળતામાં ઘી હોમ્યું. ત્યાર બાદ ઢગલાબંધ બાર રૂપાલાએ માફી માંગી પણ હવે મામલો શાંત પડી રહ્યો છે. એવામાં ક્ષત્રિય સમાજ હાલ રૂપાલાને હટાવવાની માંગ કરી રહ્યો છે. ક્ષત્રિય સમાજ રૂપાલાની ટિકિટ કાપવાની માંગ સાથે રસ્તા પર ઉતરી આવ્યો છે. આ સ્થિતિની વચ્ચે કોંગ્રેસ મેળવવા માંગે છે આ તકનો લાભ. આ તકનો લાભ લેવા માટે કોંગ્રેસે ઘડી કાઢી છે ખાસ રણનીતિ. જેના ભાગરૂપે કોંગ્રેસે રાજકોટ લોકસભા બેઠક પર પરસોત્તમ રૂપાલાની સામે પોતાના સૌથી મજબુત નેતા મેદાનમાં ઉતારવાની તૈયારીઓ કરી લીધી છે. સૂત્રોની માનીએ તો કોંગ્રેસ દ્વારા રાજકોટ લોકસભા બેઠક પર કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાની સામે પૂર્વ વિપક્ષી નેતા અને પાટિદાર દિગ્ગજ નેતા પરેશ ધાનાણીને ચૂંટણી લડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

કોંગ્રેસ CEC બેઠકમાં નક્કી કરવામાં આવ્યું છે પરેશ ધાનાણીનું નામ. રાજકોટના કોંગ્રેસના ઉમેદવાર તરીકે પરેશ ધાનાણીના નામની ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત થઈ શકે છે. એક વાત તો અહીં નક્કી છેકે, હવે રાજકોટની બેઠક પર ફરી ઈતિહાસ દહોરાશે. રાજકોટ બેઠક પર પરેશ ધાનાણી ચૂંટણી લડશે એવું હવે પ્રબળ માનવામાં આવી રહ્યું છે. આ અંગે પરેશ ધાનાણીને પણ પક્ષ દ્વારા મનાવી લેવાયા હોવાની પણ ચર્ચા છે. ભાજપ ને હેટ્રીક મારતો રોકવા માટે કોંગ્રેસ પણ મજબૂત ઉમેદવારોને મેદાનમાં ઉતારી રહી છે.

ભાજપે પોતાના બે કેન્દ્રીય મંત્રીઓ મનસુખ માંડવીયાને પોરબંદર અને પરસોત્તમ રૂપાલાને રાજકોટથી ચૂંટણી જંગમાં ઉતાર્યા છે. જેમાં પોરબંદરમાં કોંગ્રેસે ધોરાજીના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાને ટિકીટ આપી છે. હવે રાજકોટ બેઠક ઉપર કોંગ્રેસ લેઉવા પાટીદારને ટિકિટ આપી શકે છે. જે બેઠક પર હવે સૌ કોઈની નજર છે. હવે લોકસભાની ચૂંટણીના કાઉન્ટડાઉન શરૂ થઈ રહ્યું છે.

જેમાં તમામ પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગી શરૂ કરવામાં આવી છે. ભાજપે ૨૨ ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે તો કોંગ્રેસે માત્ર ૭ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. બાકી રહેલા ઉમેદવારોની યાદી ઉપર બંને પાર્ટીઓમાં મંથન ચાલી રહ્યું છે. ત્યાં રાજકોટ બેઠક પર કોંગ્રેસ પાટીદાર નેતા પરેશ ધાનાણીને મેદાનમાં ઉતારી શકે છે. આ સાથે જ રાજકોટ બેઠક પર પાટીદાર વિરુદ્ધ પાટીદારની જંગ થઈ શકે છે. જેમાં ભાજપે કડવા પાટીદાર સમાજમાંથી આવતાં વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા ને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. જ્યાં કોંગ્રેસ તરફથી અમરેલીના પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ વિપક્ષી નેતા તેમજ લેઉવા પાટીદાર પરેશ ધાનાણીને ચૂંટણી જંગમાં ઉતારી શકે છે.

# અનિલ કપૂર અને સોનમ કપૂરે #HomeTeamમાં ભાગીદારીના મહત્વ પર ભાર મૂક્યો અને એરિયલનો પ્રશ્ન : 'શું તમારી હોમટીમ તમારી ડ્રીમ ટીમ જેટલી મજબૂત છે? નું પુનરાવર્તન કર્યું

છેલ્લા નવ વર્ષથી, એરિયલ ઈન્ડિયાએ ઘરના કામકાજના અસમાન વિતરણ વિશે વાતચીતો પ્રજ્વલિત કરી છે અને વધુ પુરુષોને #ShareTheLoad માટે પ્રેરિત કર્યા છે. જેમ જેમ સમાજ પ્રગતિ કરી રહ્યો છે, પુરુષોએ તેમના ભાગીદારોને સમાન રીતે ટેકો આપવાનું મહત્વ વધુને વધુ ઓળખ્યું છે. અમે ૨૦૧૫ માં આ સફર શરૂ કરી ત્યારથી, એવા પુરુષોની ટકાવારી કે જેઓ માનતા હતા કે ઘરના કામો, જેમ કે કપડાં ધોવા,



સ્ત્રીનું કામ છે તે ૭૯% થી ઘટીને ૨૫%* થઈ ગયું છે. એરિયલ પુરુષોને ઘરના કામકાજના માત્ર શારીરિક પાસાને લેવાને બદલે ઘરમાં એક જૂથ તરીકે કામ કરવા અને માનસિક બોજ વહેંચવા પ્રોત્સાહિત કરીને ચર્ચાને આગળ લઈ રહી છે. આ સામૂહિક પ્રયાસ પુરુષોને તેમના સાથીદારોનો વિશ્વાસ મેળવવામાં નોંધપાત્ર યોગદાન આપશે અને ખાતરી કરશે કે તેઓ વિશ્વાસ સાથે વિશ્વમાં આગળ વધી શકે છે. આ વર્ષે, એરિયલે સંબંધિત પ્રશ્ન ઉઠાવ્યો - તમારી હોમટીમ કેટલી મજબૂત છે? પુરુષોને #ShareThe-Load માટે પ્રેરિત કરીને, એરિયલનો ઉદ્દેશ્ય સમાન માલિકી અને પતિ-પત્ની વચ્ચે ઘરના કામકાજની વહેંચણીની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો છે, જેનાથી ઘર ચલાવવાના શારીરિક અને માનસિક બંને પાસાઓને અસરકારક રીતે એકીકૃત કરવામાં આવે છે.

પુરૂષો વધુને વધુ કામ લેતા હોવા છતાં, ઘણી સ્ત્રીઓ માટે ઘરેલું જવાબદારીઓનો માનસિક બોજ ઘણીવાર અવગણવામાં આવે છે અને આવા ઘરોને ઘરેલું મદદની જરૂર હોય છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની દષ્ટિએ આ સમયગાળો ખરાબ રહેશે આથી તમે શું ખાવ-પીઓ છો તે અંગે સાવચેત રહેજો. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. આજે તમને સમજાશે કે પ્રેમ બધી જ બાબતોને પાછળ મુકી શકે છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. તમે જો ઑફિસમાં વધારાનો સમય વિતાવશો તો તેની અસર તમારા ગૃહજીવન પર પડશે. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમે જો વધારે પડતા દયાળુપણ વર્તશો તો-તમારી નિકટના લોકો તમારો ગેરફાયદો ઉપાડશે. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે. છૂટક તથા જથ્થાબંધ વેપારીઓ માટે સારો દિવસ. આજે ઘર ના લોકો સાથે વાત કરતી વખતે તમારા મોંમાં



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમે વાસ્તવિક્તા સાથે



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. કોઈક ઐતિહાસિક સ્મારકે જવાની નાનકડી પિકનિકનું આયોજન કરો. આ બાબત બાળકો તથા પરિવારના અન્ય સભ્યોને રોજબરોજના જીવનના



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. નવું પારિવારિક સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ. આ સાહસને સફળ બનાવવા માટે પરિવારના સભ્યની મદદ લો. જુદા પ્રકારના રૉમાન્સનો અમુભવ થવાની શક્યતા છે. નાના અંતરાયો સાથે-આજનો દિવસ મોટી સિદ્ધિઓનો લાગે છે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાનનું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. તમે સામજિક કાર્યક્રમ તથા મેળાવડાઓમાં સહભાગી થશો તો તમે તમારા મિત્રો તથા પરિચિતોની સંખ્યા વધારી શકશો.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. પ્રેમના આનંદની અનુભૂતિની શક્યતા છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે. આજે તમારા પ્રિયપાત્રને માફ કરવાનું ભૂલશો નહીં. છૂટક તથા જથ્થાબંધ વેપારીઓ માટે સારો દિવસ.

# દિલ્હી મેટ્રો કેસમાં અનિલ અંબાણીને મોટો ઝટકો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

દિગ્ગજ ઉદ્યોગપતિ અનિલ અંબાણીને સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. વાત જાણે એમ છે કે, અનિલ અંબાણીના બિઝનેસમાં છેલ્લા કેટલાક દિવસોમાં પુનરાગમન થઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું હતું અને તેમની કંપનીઓના શેર ઝડપી ગતિએ ચાલી રહ્યા હતા. પરંતુ બુધવારે તેમના માટે એક ખરાબ સમાચાર આવ્યા અને અનિલ અંબાણીને સુપ્રીમ કોર્ટ તરફથી ઝટકો લાગ્યો. સુપ્રીમ કોર્ટે તેમની કંપનીને દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન (DMRC) દ્વારા દિલ્હી એરપોર્ટ મેટ્રો એક્સપ્રેસ પ્રાઈવેટ લિમિટેડ (DAMEPL)ને આપવામાં આવેલા મૂળ આર્બિટ્રલ એવોર્ડની સંપૂર્ણ રકમ ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે. આ સમાચાર પછી તરત જ રિલાયન્સ ઈન્ફ્રાના શેરમાં તીવ્ર ઘટાડો થયો અને તે લોઅર સર્કિટમાં પ્રવેશ્યો. શેરબજારમાં ટ્રેડિંગની શરૂઆત સાથે જ અનિલ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ફ્રાના શેર ૯૦૧૫ કરોડ રૂપિયાની માર્કેટ કેપિટલાઈઝેશન સાથે ૨૮૬.૬૫ રૂપિયાના સ્તરે ખુલ્યા હતા. જોકે સુપ્રીમ કોર્ટમાંથી આ કંપની વિશેના સમાચાર આવતાની સાથે જ તે ખરાબ રીતે ઘટીને રૂ. ૨૨૭.૬૦ પર આવી ગયા. રિલાયન્સ ઈન્ફ્રા શેરમાં ૨૦ ટકાની લોઅર સર્કિટ લાદવામાં આવી હતી. નોંધનીય છે કે, રિલાયન્સ ઈન્ફ્રાના શેરનું ૫૨ સપ્તાહનું ઊંચું સ્તર રૂ. ૩૦૮ અને નિમ્ન સ્તર રૂ. ૧૩૧ છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ દેવામાં ડૂબેલા દિગ્ગજ ઉદ્યોગપતિ અનિલ અંબાણીની મુશ્કેલીઓમાં વધુ વધારો થયો છે. ૧૪ વર્ષથી ચાલી રહેલા દિલ્હી મેટ્રો સાથે જોડાયેલા કેસમાં સુપ્રીમ કોર્ટે અનિલ અંબાણીને ઝટકો આપતાં DMRC ને રાહત આપી છે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેંચે કહ્યું કે, DMRC દ્વારા જમા કરવામાં આવેલી રકમ પરત કરવામાં આવશે.

### આ જહાજોને ચીન રિસર્ચ માટેના જહાજો ગણાવે છે

# હિન્દ મહાસાગરમાં ચીને ત્રણ જાસૂસી જહાજો તૈનાત કર્યા

। (એજન્સી) બેઈજીંગ, તા.૧૦ ।

અવળચંડા ચીનને પાડોશી દેશોની સાથે સ્હેજ પણ ફાવતુ નથી. છાશવારે તે બીજા દેશોને હેરાન કરતુ રહેતુ હોય છે. ચીન ભારતને ધ્યાનમાં રાખીને હિન્દ મહાસાગરમાં પણ પગ પેસારો કરી રહ્યુ છે.

આ વિસ્તારમાં ચીનના જહાજો છાશવારે દેખા દેતા હોય છે. મળતી જાણકારી પ્રમાણે આ વખતે હિન્દ મહાસાગરમાં ચીને પોતાના ત્રણ જાસૂસી જહાજો તૈનાત કર્યા છે. જેમાંનુ એક જહાજ અત્યારે આંદામન ટાપુ સમૂહ પાસે, બીજુ માલદીવ ખાતે અને બીજુ મોરેશિયસ નજીક છે. આ જહાજોને ચીન રિસર્ચ માટેના જહાજો ગણાવે છે પણ હકીકતમાં તેનો ઉપયોગ બીજા દેશોના જહાજો પર જાસૂસી માટે થતો હોય છે.



ત્રણ જહાજ પૈકી એકનુ નામ જિયાંગ યાગ હોંગ-૧ છે. જે આંદામાન ટાપુઓથી ૬૦૦ માઈલના અંતરે છે. જ્યાં તે દરિયાના તળિયાનુ મેપિંગ કરી રહ્યુ છે તેમજ ભવિષ્યમાં સબમરિનનુ સંચાલન કરી શકાય તે માટે ડેટા એકત્રિત કરી રહ્યુ છે. સાત માર્ચે તે આ વિસ્તારમાં દાખલ થયુ હતું અને હજી પણ આ જ જગ્યાએ છે. બીજુ જહાજ જિયાંગ યાગ હોંગ-૨ અત્યારે માલદીવ ખાતે છે. જે ૩૫૦ માઈલના વિસ્તારમાં હાઈડ્રોગ્રાફિક સર્વે કરી રહ્યુ હોવાનુ ચીનનુ કહેવુ છે.

ત્રીજુ જહાજ દા યાંગ હાઓ મોરેશિયસની રાજધાની પોર્ટ લુઈસથી ૧૨૦૦ માઈલના અંતરે છે અને તે પણ સમુદ્રમાં શોધખોળ કરી રહ્યુ છે. ચીનની હિલચાલ પર ભારતીય નૌસેના પણ બાજ નજર રાખી રહી છે. કારણકે ચીન દ્વારા ત્રણ ત્રણ જહાજ તૈનાત કરવા પાછળનો મુખ્ય ઈરાદો હિન્દ મહાસાગરમાં ભારતીય નૌસેનાની હિલચાલ જાણવાનો જ હોઈ શકે છે.

### પાકિસ્તાને ભારતને આપ્યો મોટો ઝટકો

# સંયુક્ત રાષ્ટ્રના હેપ્પીનેસ રિપોર્ટમાં પાકિસ્તાને ભારતને પાછળ છોડ્યું

### રિપોર્ટમાં પાકિસ્તાનને જ્યાં ૧૦૮મું સ્થાન મળ્યું છે, તો ભારતે ૧૨૬માં સ્થાનથી સંતોષ કરવો પડ્યો છે

। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૧૦ ।

પાકિસ્તાને એકવાર ફરીથી સંયુક્ત રાષ્ટ્રના હેપ્પીનેસ રિપોર્ટમાં મોટા અંતરથી ભારતને પછાળ છોડી દીધું છે. પાકિસ્તાનને જ્યાં આ હેપ્પીનેસ રિપોર્ટમાં ૧૦૮મું સ્થાન મળ્યું છે તો ભારત આ યાદીમાં ૧૨૬માં સ્થાન પર છે. આ રેકિંગને બુધવારે જાહેર કરવામાં આવી છે. ફિનલેન્ડને સતત સાતમાં વર્ષે વિશ્વનો સૌથી ખુશ દેશ જાહેર કરવામાં આવ્યો છે. ફિનલેન્ડ બાદ ડેનમાર્ક, આઈસલેન્ડ અને સ્વીડન છે. ત્યારબાદ ઈઝરાયલ, નેધરલેન્ડ, નોર્વે, લગ્જમબર્ગ, સ્વિત્ઝર્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા આવે છે. આ લિસ્ટમાં અફઘાનિસ્તાનને સૌથી ખરાબ રેટિંગ ૧૪૩ આપવામાં આવ્યું છે, જે તાલિબાન રાજ આવ્યા બાદ માનવીય સંકટથી સંઘર્ષ કરી રહ્યું છે. આ રિપોર્ટ એક દાયકા કરતા વધુ સમયથી પ્રકાશિત થઈ રહ્યો છે. પરંતુ તેમાં પ્રથમવાર થઈ રહ્યું છે કે અમેરિકા અને જર્મની ૨૦ સૌથી વધુ ખુશ દેશોના લિસ્ટમાં નથી. આ સર્વેક્ષણમાં અમેરિકાને જ્યાં ૨૩મું તો જર્મનીને ૨૪મું સ્થાન મળ્યું છે. તો કોસ્ટારિકા અને કુવૈતની ટોપ ૨૦માં એન્ટ્રી થઈ છે.

### રાહુલ ગાંધીએ ભાજપ પર તાક્યું નિશાન

# ૨૦૨૪ની લોકસભા ચૂંટણી બે વિચારધારાઓ વચ્ચેની લડાઈ

### રાજકીય મંચ પર જૂઠ બોલવાથી ઈતિહાસ નથી બદલાતો : રાહુલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા પર ભાજપ દ્વારા વારંવાર 'મુસ્લિમ લીગની છાપ'ના પ્રહાર વચ્ચે હવે આજે રાહુલ ગાંધીએ ભાજપ પર નિશાન સાધતા કહ્યું કે, ઈતિહાસ સાક્ષી છે કે, કોણે દેશને વિભાજિત કરનારી શક્તિ સાથે હાથ મિલાવ્યો છે. રાજકીય મંચ પર જૂઠ બોલવાથી ઈતિહાસ નથી બદલાતો.

રાહુલ ગાંધીએ એક પોસ્ટમાં કહ્યું કે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણી બે વિચારધારાઓ વચ્ચેની લડાઈ છે. એક બાજુ કોંગ્રસ છે જેણે હંમેશા ભારતને એકજૂઠ કર્યું છે અને બીજી બાજુ એ (ભાજપ) છે જેણે હંમેશા લોકોને વિભાજિત કરવાનો પ્રયત્ન કર્યો છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે, 'ઈતિહાસ



સાક્ષી છે કે દેશને વિભાજિત કરનારી શક્તિઓ સાથે કોણે હાથ મિલાવ્યા છે તથા તેમને મજબૂત કર્યા છે અને કોણ દેશની એકતા અને આઝાદી માટે લડાઈ લડ્યા છે. તેમણે કહ્યું કે, ભારત છોડો આંદોલન દરમિયાન અંગ્રેજો સાથે કોણ ઊભુ હતું? જ્યારે ભારતની જેલો કોંગ્રેસના નેતાઓથી ભરાયેલી હતી ત્યારે દેશને વિભાજિત કરનારી શક્તિ સાથે રાજ્યોમાં સરકાર કોણ ચલાવી રહ્યું હતું?' તેમણે કહ્યું કે, 'રાજકીય મંચ પર જૂઠ બોલવાથી ઈતિહાસ નથી બદલાતો. રાહુલ ગાંધીની આ ટિપ્પણી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વારંવાર કરવામાં આવેલા પ્રહાર વચ્ચે આવી છે. કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા પર 'મુસ્લિમ લીગની છાપ' છે. કોંગ્રેસે આ ટિપ્પણી વિરુદ્ધ ચૂંટણી પંચનો સંપર્ક કર્યો છે. પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, મોદીના ભાષણોમાં RSSની ગંધ છે.' કોંગ્રેસે આરોપ લગાવ્યો કે, વડાપ્રધાન હિન્દુ-મુસ્લિમ સ્ક્રિપ્ટનો સહારો લઈ રહ્યા છે કારણ કે, તેમને ડર છે કે લોકસભા ચૂંટણીમાં તેમને ૧૮૦ની સીટનો આંકડો પાર કરવામાં પણ સંઘર્ષનો સામનો કરવો પડી શકે છે.'

### ખેડૂતોનું દેવુ માફ કરવામાં આવશે : અખિલેશ યાદવ

# સમાજવાદી પાર્ટીનો લોકસભા ચૂંટણી માટે ચૂંટણી ઢંઢેરો જાહેર



। (એજન્સી) લખનૌ, તા.૧૦ ।

સમાજવાદી પાર્ટીએ લોકસભા ચૂંટણી માટે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. સપાના ચૂંટણી ઢંઢેરામાં અધિકારોની વાત કરવામાં આવી છે. સામાજિક ન્યાય, લોકતંત્ર બચાવવુ, મીડિયાની આઝાદીનો અધિકાર વગેરે છે. ૨૦૨૫માં જાતિગત વસતી ગણતરી, ૨૦૨૯ સુધી સૌને ન્યાય આપવાનું વચન આપવામાં આવ્યું. સપા પ્રમુખ અખિલેશ યાદવે જણાવ્યું કે ખેડૂતોનું દેવુ માફ કરવામાં આવશે. ખાનગી ક્ષેત્રે તમામ વર્ગોની ભાગીદારી આપશે. દૂધ સહિત તમામ પાકની MSP આપશે. કાયદેસર ગેરંટી તરીકે ખેડૂતોને એસપી ખેડૂતો માટે સિંચાઈની મુક્ત વ્યવસ્થા આપશે. અખિલેશ યાદવે કહ્યુ કે મહિલાઓને ૩૩ ટકા અનામત અને મફત શિક્ષણ આપવામાં આવશે. મફત શિક્ષણનો અધિકાર છે. તેમણે જીડીપી ૩ ટકાથી વધારીને ૬ ટકા કરવાનું વચન આપ્યું. આ સાથે તેમણે કર્મચારીઓને જૂની પેન્શન સ્કીમ પણ તમામ વિભાગોમાં ફરીથી લાગુ કરવાનું વચન આપ્યું. તેમણે કહ્યું કે મર્યાદાઓ અસુરક્ષિત થતી જઈ રહી છે. ભારતના અમુક ભાગોમાં મર્યાદાઓ સંકોચાઈ રહી છે. અગ્નિવીર સમજી વિચારેલી રણનીતિ છે. અગ્નિવીર નીતિને સમાપ્ત કરવામાં આવશે. તેમણે કહ્યું કે જો ભાજપ બીજી વખત આવી તો પોલીસ પીએસીમાં પણ ૩ વર્ષની નોકરી કરી દેશે. ગરીબોને હલકી ગુણવત્તાનું અનાજ આપવામાં આવી રહ્યું છે. પૌષ્ટિક ભોજન મળી રહ્યું નથી.

**ચૂંટણી ઢંઢેરાની ખાસ વાતો નીચે મુજબ છે**

- તમામ ખેડૂતોનું દેવુ વર્ષના અંત સુધી માફ કરવામાં આવશે
- દૂધ અને તમામ પાકના ખેડૂતોને સ્વામીનાથન રિપોર્ટ અનુસાર MSP
- ખેડૂત આયોગની રચના
- નાના ખેડૂતોને ૫૦૦૦ રૂપિયા માસિક પેન્શન
- ૧૦ કિ.મીના અંતરે એક કૃષિ બજાર બનાવાશે
- યુપીના શેરડીના ખેડૂતો માટે દસ હજાર કરોડનું રોલિંગ ફંડ
- મનરેગાની મજૂરી વધારીને ૪૫૦ રૂપિયા કરવામાં આવશે
- યુવાનોને લેપટોપ, પરીક્ષાઓમાં ભ્રષ્ટાચાર ખતમ કરવામાં આવશે
- મફત રાશનમાં ઘઉંની જગ્યાએ લોટ આપવામાં આવશે
- દરેક રાશન કાર્ડ ધારક પરિવારને દર મહિને ૫૦૦ રૂપિયા મોબાઈલ ડેટા ફ્રી
- મહિલાઓને સંસદમાં ૩૩ ટકા અનામત
- ગરીબ મહિલાઓને ૩૦૦૦ રૂપિયા પેન્શન
- દિકરીઓને પીજી સુધી મફત શિક્ષણ
- સામાજિક ન્યાય, લોકતંત્ર બચાવવુ, મીડિયાની આઝાદી
- ૨૦૨૫માં જાતિગત વસતી ગણતરી
- ૨૦૨૯ સુધી સૌને ન્યાય આપવાનું વચન
- ૨૦૨૯ સુધી ભૂખથી મુક્તિ અને ગરીબી નાબૂદી
- ૨૦૨૫ સુધી તમામ અનામત ખાલી જગ્યાઓને ભરવામાં આવશે
- ખાનગી ક્ષેત્રે તમામ ભાગીદારી

### તમિલનાડુ પહોંચેલા મોદીના વિપક્ષ પર આકરા પ્રહાર

# DMK અને I.N.D.I.A. ગઠબંધન વાળા મહિલાઓનું અપમાન કરે છે

। (એજન્સી) વેલ્લોર, તા.૧૦ ।

લોકસભા ચૂંટીણી ૨૦૨૪નું રણશિંગુ ફૂંકાઈ ચૂંક્યુ છે. તમામ પક્ષો જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે અને આ દરમિયાન તેઓ એકબીજા પર પ્રહાર પણ કરી રહ્યા છે. ત્યારે હવે લોકસભા ચૂંટણી માટે પ્રચાર કરવા તમિલનાડુ પહોંચેલા પીએમ મોદીએ વિપક્ષ પર આકરા પ્રહાર કર્યા છે. વડાપ્રધાન મોદીએ આજે કોંગ્રેસ અને તેની સહયોગી તમિલનાડુમાં સત્તારુઢ પાર્ટી DMK પર કચ્ચાથિવુ અને શક્તિ વાળી ટિપ્પણીઓ પર આકરા પ્રહાર કર્યા હતા. પીએમ મોદીએ કોંગ્રેસ પર કટાક્ષ કરતા કહ્યું કે, કોંગ્રેસના યુવરાજ (રાહુલ ગાંધી) શક્તિનું અપમાન કરે છે અને તેમણે શક્તિના વિનાશની વાત કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વેલ્લોરમાં એક જનસભાને સંબોધિત કરતા કહ્યું કે, મારા મનમાં વેલ્લોર માટે હંમેશાથી શ્રદ્ધા રહી છે. તમિલનાડુ શક્તિની ઉપાસના કરનારાની ધરતી છે. I.N.D.I.A. ગઠબંધન વાળા શક્તિનું અપમાન કરે છે, કોંગ્રેસના યુવરાજે શક્તિના વિનાશના વાત કહી છે. આ લોકો રામ મંદિરનો બહિષ્કાર કરે છે. તેમણે કહ્યું કે, DMK અને I.N.D.I.A. ગઠબંધન વાળા મહિલાઓનું અપમાન કરે છે. તમે અમને આપેલો આશીર્વાદ સનાતનની રક્ષા કરશે અને મહિલાઓનું સમ્માન વધારશે.

પીએમ મોદીએ કહ્યું કે, DMKએ તમિલનાડુ અને દેશનું ભવિષ્ય બાળકોને પણ નથી છોડ્યા. સ્કૂલના બાળકો પણ ડ્રગ્સનો શિકાર બની ચૂક્યા છે. જે વ્યક્તિની ધરપકડ કરવામાં આવી તેનો DMK પરિવાર સાથે સબંધ છે. DMK પાર્ટીની રાજનીતિ ડિવાઈડ એન્ડ રુલ પર આધારિત છે. આ લોકો પરસ્પર એકબીજાની લડાઈ કરાવે છે. મેં પણ નક્કી કર્યું છે કે, DMKના આ ખતરનાક પોલિટિક્સને એક્સપોઝ કરીને જ રહીશ. પીએમ મોદીએ આગળ કહ્યું કે કોંગ્રેસ અને DMKના વધુ એક પાખંડની ચર્ચા થઈ રહી છે. જ્યારે કોંગ્રેસ સત્તામાં હતી ત્યારે કચ્ચાથિવુ ટાપુ શ્રીલંકાને આપી દેવામાં આવ્યો હતો. કઈ કેબિનેટમાં ચર્ચા થઈ અને કોના ફાયદા માટે આ નિર્ણય લેવામાં આવ્યો તે અંગે કોંગ્રેસ મૌન છે. થોડા દિવસો પહેલા અમારા માછીમારો ત્યાં પકડી લેવામાં આવ્યા હતા. આ મુદ્દે કોંગ્રેસ મૌન રહી. કોંગ્રેસ જનતાને સત્ય નથી કહેતી. અમારી સરકાર તે માછીમારોને પરત લાવી.

### ભાજપના કદાવર મંત્રીએ આપ્યું ૨૪ કલાકનું અલ્ટીમેટમ

# રાજીવ ચંદ્રશેખરે શશિ થરૂર પર માનહાનિનો કેસ કર્યો

। (એજન્સી) તિરુવનંતપુરમ, તા.૧૦ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને નેતાઓમાં આરોપ-પ્રત્યારોપનો સમય ચાલુ છે. આ વચ્ચે કોંગ્રેસ નેતા શશિ થરૂરની મુશ્કેલી વધી ગઈ છે. કેરળના તિરુવનંતપુરમથી ભાજપ ઉમેદવાર રાજીવ ચંદ્રશેખરે શશિ થરૂર પર માનહાનિનો કેસ કર્યો છે. સાથે જ રાજીવે શશિ થરૂરને માફી માંગવા માટે ૨૪ કલાકનો સમય આપ્યો છે.

કોંગ્રેસ નેતા શશિ થરૂર કેરળની રાજધાની તિરુવનંતપુરમથી ચૂંટણી મેદાનમાં ઊભા છે અને તેમને ટક્કર આપવા માટે ભાજપે રાજીવ ચંદ્રશેખરને ટિકિટ આપી છે. દરમિયાન શશિ થરૂરે રાજીવ પર કેશ ફોર વોટ જેવા ગંભીર આરોપ લગાવ્યા છે. શશિ થરૂરે દાવો કર્યો છે કે રાજીવે વોટ ખરીદવા માટે



અમુક સમુદાયોના ધાર્મિક નેતાઓની સામે રૂપિયાની રજૂઆત કરી છે.

ભાજપ નેતા રાજીવ ચંદ્રશેખરે શશિ થરૂરના નિવેદન પર વાંધો વ્યક્ત કર્યો. રાજીવે શશિ થરૂરને ચેતવણી આપતા કહ્યું કે જો તેમણે પોતાના નિવેદનને પાછુ લીધુ નહીં અને જાહેરમાં રાજીવની માફી માગી નહીં તો શશિ થરૂર પર કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. રાજીવના જણાવ્યા અનુસાર શશિ થરૂરનું નિવેદન સંપૂર્ણ રીતે ખોટુ અને પાયાવિહોણુ છે. લોકસભા ચૂંટણીમાં જીત પ્રાપ્ત કરવા માટે શશિ થરૂર, રાજીવ ચંદ્રશેખરની છબી બગાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

શશિ થરૂરના નિવેદન પર એક્શન લેતા રાજીવ ચંદ્રશેખરે તેમની પર માનહાનિનો કેસ કર્યો છે. આ કાયદેસર નોટિસ અનુસાર શશિ થરૂરે લોકસભા ચૂંટણીમાં જીતવાના ઈરાદાથી રાજીવના સંબંધમાં ખોટી અને ભ્રામક જાણકારીનો પ્રચાર કર્યો છે, જેનાથી રાજીવની છબી બગડી ગઈ છે. નોટિસમાં કહેવામાં આવ્યુ છે કે શશિ થરૂર ૨૪ કલાકની અંદર રાજીવ ચંદ્રશેખરની માફી માગે અને ભવિષ્યમાં આવા નિવેદન આપે નહીં.

### સારવાર દરમિયાન તેમનું મોત થયું

# મહાકાલ મંદિરના ગર્ભગૃહમાં લાગેલી આગમાં એક સેવકનું મોત

। (એજન્સી) ઉજ્જૈન, તા.૧૦ ।

આ વર્ષે હોળીના દિવસે મધ્યપ્રદેશના ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં એક મોટો અકસ્માત થયો હતો. ૨૫ માર્ચે ભસ્મ આરતી દરમિયાન ગર્ભગૃહમાં આગ લાગી હતી. આ અકસ્માતમાં ૧૪ લોકો દાઝી ગયા હતા. આ ઈજાગ્રસ્તો પૈકી એકનું હાલ મોત થયું છે.

તેનું નામ સત્યનારાયણ સોની છે, જે મંદિરના સેવક હતા. તેમની મુંબઈની એક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. ગર્ભગૃહમાં ગુલાલ ઉડાવવામાં આવી રહ્યો હતો ત્યારે આ અકસ્માત થયો હતો.

૨૫મી માર્ચે સવારે મહાકાલ મંદિરમાં ભસ્મ આરતી થઈ રહી હતી. મંદિરમાં ભગવાનનો જયજયકાર થઈ રહ્યો હતો. ૫:૪૯ વાગ્યે ગર્ભગૃહમાં આગ ફાટી નીકળી ત્યારે ભક્તો ભોલેની ભક્તિમાં મગ્ન હતા. આ અકસ્માતમાં પૂજારી સહિત ૧૪ લોકો દાઝી ગયા હતા. ઈજાગ્રસ્તોમાંથી ૯ને ઈન્દોર રીફર કરવામાં આવ્યા હતા. ૫ની સારવાર ઉજ્જૈનમાં જ કરવામાં આવી હતી.

આ અકસ્માતમાં ગંભીર રીતે દાઝી ગયેલા સત્યનારાયણ સોનીને ઈન્દોરની અરવિંદો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ તબિયતમાં સુધારો ન થતો જોઈને તેને વધુ સારી સારવાર માટે મુંબઈની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. અહીં સારવાર દરમિયાન સવારે તેમનું મોત નિપજ્યું હતું. સત્યનારાયણ સોનીની ઉંમર ૮૦ વર્ષ હોવાનું કહેવાય છે. મંદિર સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે, સત્યનારાયણ સોની બાબા મહાકાલના સાચા સેવક હતા, જે ભસ્મ આરતી માટે ગર્ભગૃહની સફાઈ કરવા, પૂજા સામગ્રી એકત્રિત કરવા અથવા અન્ય કોઈપણ કાર્ય માટે હંમેશા તૈયાર રહેતા હતા. બાબા મહાકાલની પૂજા કરવા માટે ગમે તે પૂજારી સાથે, સત્યનારાયણ સોની સેવા આપવા માટે તેમના સહાયક તરીકે હંમેશા હાજર રહેતા હતા.

આ આગમાં દાઝી ગયેલા પૂજારીના પુત્ર મનોજ શર્મા (૪૩), પૂજારી સંજય શર્મા (૫૦) અને નોકર ચિંતામણ (૬૫) હજુ પણ ઈન્દોરની અરવિંદો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સત્યનારાયણ સોની ઘણા વર્ષોથી મહાકાલ મંદિરમાં સવારની ભસ્મ આરતીમાં નિયમિત હાજરી આપતા હતા. તેમણે આરતી અને પૂજા દરમિયાન પૂજારીની મદદ પણ કરી હતી. સોની એ જ હતા જે મહાકાલ મંદિરની ભસ્મ આરતી દરમિયાન નંદી હોલમાં બહાર આવતા હતા.

# અમદાવાદમાં લોકોને ગરમીથી રાહત આપવા તંત્રએ પાણીનો છંટકાવ કરતો ફુવારો લગાવ્યો



તસ્વીર : બ્રિજેશ ત્રિવેદી

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૧૦ ।

ઉનાળાના સમયમાં અમદાવાદમાં મહત્તમ ગરમીનો લોકો સામનો કરતા હોય છે.ગરમીથી લોકોને રાહત આપવા પુષ્પકુંજ ટ્રાફિક જંકશન ઉપર સ્પ્રીન્કલરની મદદથી સિગ્નલ બંધ હોય એ સમયે પાણીથી છંટકાવ કરવામાં આવી રહયો છે. પાઈલોટ પ્રોજેકટ સફળ થાય તો શહેરના અન્ય ટ્રાફિક જંકશન ઉપર પણ મ્યુનિ.તંત્ર દ્વારા સ્પ્રીક્લરથી પાણીનો છંટકાવ કરવાની વ્યવસ્થા કરાશે. અમદાવાદના મહત્તમ તાપમાનમાં છેલ્લા કેટલાક સમયથી વધારો થઈ રહયો છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગત વર્ષે શહેરના વિવિધ ટ્રાફિક જંકશન ઉપર ગ્રીન નેટ લગાવવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. પરંતુ ગ્રીન નેટ લગાવતી વખતે ટ્રાફિક જંકશન ઉપર લગાવવામાં આવેલા સી.સી.ટી.વી.કેમેરાને એ નડતરરુપ થાય એમ હતી. ત્યારે આ વખતે તંત્ર દ્વારા લોકોને ગરમીથી રાહત આપવા માટે પ્રાયોગિક ધોરણે પાયલોટ પ્રોજેક્ટના ભાવરૂપે અમદાવાદમાં એક જગ્યાએ ટ્રાફિક જંકશન પર સ્પ્રીન્કલર ફુવારો લગાવાયો છે. આ ફુવારા દ્વારા સતત પાણીનો છંટકાવ કરવામાં આવે છે. જેને કારણે લોકોને કાળઝાળ ગરમીથી રાહત મળી રહે. મ્યુનિસિપલ કોર્પોરેશ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ અમદાવાદમાં ત્રણસોથી વધુ ટ્રાફિક જંકશન આવેલા છે.આ પૈકી ટ્રાફિક પોલીસ સાથે સંકલન કરી ૧૨૦ જેટલા ટ્રાફિક જંકશન કે જયાં ઓછો ટ્રાફિક હોય છે એવા ટ્રાફિક જંકશન વધુ ગરમીના દિવસોમાં બપોરે ૧૨થી ૪ કલાક સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદના મણીનગર વોર્ડમાં આવેલા પુષ્પકુંજ ટ્રાફિક જંકશન ખાતે બે દિવસથી સિગ્નલ બંધ હોય એવા સમયે ટ્રાફિક જંકશન ઉપર ઉભા રહેલા વાહન ચાલકોને ગરમીથી રાહત મળે એ માટે એકથી લઈ પાંચ સ્પ્રીક્લરની મદદથી પાણીનો છંટકાવ કરવામાં આવી રહયો છે. સિગ્નલ ખુલે એ સમયે સ્પ્રીક્લર આપોઆપ બંધ થઈ જાય છે. આગામી સમયમાં શહેરના અન્ય ટ્રાફિક જંકશન ઉપર પણ આ પ્રકારે સ્પ્રીક્લરની મદદથી લોકો ઉપર પાણી છંટકાવની વ્યવસ્થા કરાશે. ઉનાળાની ગરમી હવે ધીમે-ધીમે વધી રહી છે. આગામી દિવસોમાં અમદાવાદમાં ગરમીનું પ્રમાણ વધશે. જેથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગરમીને લઈ હીટ એક્શન પ્લાન બનાવવામાં આવ્યો છે. બપોરના સમયે ટ્રાફિક સિગ્નલ ઉપર લોકો ઊભા રહેતા હોય છે, જેના કારણે તેઓને તડકો અને ગરમી વધુ લાગે છે. જેને લઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. ટ્રાફિક સિગ્નલ જંકશન પર લાગેલા સીસીટીવી કેમેરાની બાજુમાં પાણીના છંટકાવ કરતા સ્પ્રિંકલર લગાવવામાં આવ્યા છે. આ સ્પ્રિંકલર પ્રોજેક્ટને સારો પ્રતિસાદ મળશે તો શહેરના વિવિધ ટ્રાફિક જંક્શન ઉપર સીસીટીવી કેમેરાની નીચેના ભાગે સ્પ્રિંકલર લગાવવામાં આવશે. હિટ એક્શન પ્લાન અંતર્ગત શહેરના ૩૦૫ જેટલા સીસીટીવી કેમેરામાંથી ૧૨૦ જેટલા સીસીટીવી કેમેરા બપોરે ૧૨થી ૫ વાગ્યા સુધી બંધ રાખવામાં આવ્યા છે. પાયલોટ પ્રોજેક્ટ તરીકે ટ્રાફિક જંકશન પર સીસીટીવી કેમેરા પર સ્પ્રિંકલર લગાવનાર અક્ષર ફેસિલિટી સર્વિસના રોનક પટેલે દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ગરમીમાં લોકોને રાહત મળે તેના માટે ટ્રાફિક જંકશન ઉપર આવેલા સીસીટીવી કેમેરાના નીચે ઓટોમેટિક સ્પ્રિંકલર લગાવવામાં આવ્યા છે. બપોરે ૧૨ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી આ સ્પ્રિંકલર સિગ્નલના ટાઈમિંગ પ્રમાણે ચાલુ બંધ થશે. ૬૦ સેકન્ડથી લઈ ૧૨૦ સેકન્ડ સુધી ટાઈમર પ્રમાણે ચાલશે.

## પંચમહાલના પૂર્વ સાંસદ ભૂપેન્દ્રસિંહ સોલંકી ફરીવાર ભાજપમાં જોડાયા

। (એજન્સી) પંચમહાલ, તા.૧૦ ।

લોકસભાની ચૂંટણી ૨૦૨૪ને લઈ રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે. ક્યાંક વિરોધ તો કયાંક પ્રચાર રેલીઓ તો વળી કયાંક પક્ષ પલટાનો માહોલ જોવા મળી રહ્યો છે. એક તરફ ભાજપે ગુજરાતની તમામ બેઠકો પર પોતાના ઉમેદવારો જાહેર કરી દીધા છે તો બીજી તરફ કોંગ્રેસની ચાર બેઠકો પર ઉમેદવારોને લઈ કોકડું હજુ સુધી ગુચવાયેલું છે. જો કે, આ બધી રાજકીય ચહલ-પહલ વચ્ચે પંચમહાલમાં કેટલાક રાજકીય અને સહકારી આગેવાનો ભાજપ જોડાયા છે. પંચમહાલ બેઠકના પૂર્વ સાંસદ અને પંચમહાલ ડેરીના પૂર્વ ચેરમેન ભૂપેન્દ્રસિંહ સોલંકીએ આજે કેસરિયા કર્યા છે. જેઓએ આજે ફરી ભાજપ ઘરવાપસી કરી છે. તેમની રાજકીય કારકિર્દીની વાત કરીએ તો તેઓ બે વખત સાંસદ રહી ચૂક્યા છે. ભૂપેન્દ્રસિંહને વર્ષ ૨૦૧૯માં ભાજપે ટિકિટ ન આપતા અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. પંચમહાલ બેઠક ૨૦૦૮ના નવા સીમાંકન પછી અસ્તિત્વમાં આવી. બેઠક અસ્તિત્વમાં આવ્યા બાદ આ બેઠક ઉપર ભાજપનું શાસન છે. ભાજપે રતનસિંહ રાઠોડને ફરી રિપીટ ન કરતા રાજપાલસિંહ જાધવને મેદાને ઉતાર્યા છે. તો કોંગ્રેસે લુણાવાડાના વર્તમાન ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણને મેદાને ઉતાર્યા છે. ઉમેદવારો જાહેર થયા બાદ પ્રચાર-પ્રસાર જોરશોરથી થઈ રહ્યો છે ત્યારે સ્થાનિક સ્તરે ઉમેદવારો સામે અસંતોષની વાત પણ વહેતી થઈ છે. ભાજપ કેન્દ્ર સરકારના વિકાસ કાર્યો અને નરેન્દ્ર મોદીના ચહેરાને આગળ ધરીને લડે છે જ્યારે કોંગ્રેસના ઉમેદવારનો દાવો છે કે તેની વ્યક્તિગત છાપ જ જનતાની નજરમાં પૂરતી છે.. બંને ઉમેદવારો બે દાયકાથી વધુની રાજકીય કારકિર્દીનો અનુભવ ધરાવે છે.




"મોદી પરિવાર સભા" પર - જમાલપુર-ખાડિયા વિધાનસભાના ખાડિયા વોર્ડના ખાડિયા ગેટ પાસે મોદી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખાડિયા વોર્ડના સૌ પરિવારજનનો અદભુત અપ્રતિમ પ્રેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે જોવા મળ્યો, હવે તો એક જ વાત, અબ કિ બાર ૪૦૦ પાર, ભાજપ પરિવાર ખાડિયા પરિવાર.

### સોસાયટીઓની કાયાપલટ થવાની તૈયારી

## અમદાવાદમાં જુની સોસાયટીઓનું રિડેવલપમેન્ટ કામકાજ ઝડપી બન્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

છેલ્લા કેટલાક સમયથી અમદાવાદમાં જુની સોસાયટીઓનું રિડેવલપમેન્ટનું કામકાજ એટલું ઝડપી બની રહ્યું છે કે શહેરનો દેખાવ જ જાણે તેનાથી ધીરેધીરે બદલાઈ રહ્યો છે. છેલ્લા આઠ મહિનામાં અમદાવાદની ૫૦ જેટલી સોસાયટીઓએ રિડેવલમેન્ટની ડીલ ફાઈનલ કરી નાખી છે, અને ૪૦૦ જેટલી સોસાયટીઓ હાલ રિડેવલપમેન્ટના સોદાના આખરી તબક્કામાં પહોંચી ચૂકી છે. રિડેવલપમેન્ટનું કામકાજ સૌથી વધારે અમદાવાદના નવરંગપુરા, નારણપુરા, પાલડી તેમજ મેમનગર જેવા પોશ વિસ્તારોમાં જોવા મળી રહ્યું છે, અને તમાંય તાજેતરમાં જ ગુજરાત હાઈકોર્ટે વર્ષોથી જેનું કામકાજ ટલ્લે ચઢ્યું હતું તેવી અમુક સોસાયટીઓના રિડેવલપ મેન્ટનો રસ્તો સાફ કરી નાખતા જૂની થઈ ચૂકેલી સેંકડો સોસાયટીઓ પણ રિડેવલપમેન્ટ માટે આગળ આવી રહી છે. જૂની સોસાયટીઓ તોડીને નવી સોસાયટીઓ બનાવવાના કામમાં પ્રગતિ થતાં આ વિસ્તારોમાં હાલ ભાડાંનાં મકાનોની ડિમાન્ડ પણ જોરદાર વધી છે. અમદાવાદના મોટાભાગના વિસ્તારોમાં નવા બાંધકામ માટે કોઈ જગ્યા ના રહી હોવાથી મોટી સંખ્યામાં લોકો શહેરની આસપાસ ડેવલપ થઈ રહેલા નવા વિસ્તારોમાં શિફ્ટ થતા હતા, પરંતુ હવે આવા લોકો પણ પોતાની જ સોસાયટીનું રિડેવલપમેન્ટ થતું હોય તો તેને પહેલું પ્રાધાન્ય આપીને વર્ષોથી જે એરિયામાં રહ્યા હોય તે એરિયા છોડવાનું ટાળી રહ્યા છે. અર્બન રિડેવલપમેન્ટ હાઉસિંગ સોસાયટી વેલફેર અસોસિએશનના પ્રમુખના જણાવ્યા અનુસાર જંત્રીના દરમાં વધારો થયા બાદ થોડા સમય માટે રિડેવલપ મેન્ટના પ્રોજેક્ટ્સ પર બ્રેક વાગી ગઈ હતી. તેનું કારણ એ હતું કે અગાઉ જે સોદો થયો હોય તેની સરખામણીએ જંત્રીના દર વધી જતાં ડેવલપર્સ પણ ભીંસમાં આવી ગયા હતા. જોકે, નવા જંત્રી દર લાગુ થયાના બે મહિના બાદ હવે રિડેવલપમેન્ટના કામકાજમાં ફરી ઝડપ આવી છે. અમદાવાદ શહેરમાં જ છેલ્લા આઠ મહિનામાં રિડેવલપ મેન્ટના ૫૦ જેટલા સોદા ફાઈનલ થઈ ચૂક્યા છે અને બીજી ૪૦૦ જેટલી સોસાયટી પણ રિડેવલપમેન્ટ માટે તૈયાર છે. નિયમ અનુસાર કોઈપણ સોસાયટીના ૭૫ ટકા સભ્યો જો સહમતી આપે તો રિડેવલપમેન્ટના કામકાજને અટકાવી નથી શકાતું. જોકે, અમુક સોસાયટીઓના લઘુમતી સભ્યોએ રિડેવલપમેન્ટ સામે વાંધો ઉઠાવતા આવા કેસ ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યા હતા.

### ગુજરાતમાં ૪ ઝોન પ્રમાણે ૧૦ થી વધુ સભાઓ થશે

## ગુજરાતના ચૂંટણી પ્રચારમાં પીએમ મોદીની એન્ટ્રી થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

દેશભરમાં ચૂંટણીનો માહોલ ગુજી રહ્યો છે. 'અબ કી બાર ૪૦૦ પાર'નો સિંહનાદ સાથે ભાજપ પ્રચારમાં તૂટી પડ્યું છે. દેશભરમાં પીએમ મોદીની સભાઓ થઈ રહી છે. ત્યારે ગુજરાતમાં તેમની સભાની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. ત્યારે આ આતુરતાનો અંત આવી ગયો છે. હવે ગુજરાતના ચૂંટણી પ્રચારમાં પીએમ મોદીની એન્ટ્રી થશે. પીએમ હવે ગુજરાતના ચૂંટણીમાં જલ્દી જ પ્રચાર કરવા આવશે. ગુજરાતની ચૂંટણીમાં હાલ એક જ મુદ્દો ચર્ચાઈ રહ્યો છે. એ છે રૂપાલા. રૂપાલાને કારણે ભાજપ વિરોધી જ્વાળા ભડકી છે. આ વિરોધમાં હવે પીએમ મોદીની એન્ટ્રી થશે. રાજકોટ વિવાદ વચ્ચે ૨૨ તારીખે સભા સંબોધી પ્રચારના શ્રીગણેશ કરાવશે. હવે પીએમ મોદી ગુજરાતમાં પ્રચાર કરશે. ગુજરાતમાં ૪ ઝોન પ્રમાણે પીએમની ૧૦ થી વધુ સભાઓ થશે. એક દિવસ માં ૨ સભા નો સાથે સાંજે રોડ શો યોજવામાં આવશે. ગુજરાતના ચાર ઝોન એટલે કે, સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં સભાનું આયોજન કરવામાં આવ્યું છે. પીએમ મોદીના ગુજરાતમાં પ્રચારની એન્ટ્રીથી રૂપાલા વિવાદ શાંત થાય તેવું લાગી રહ્યું છે. ભાજપ હંમેશા એવુ કહે છે કે, મોદીના નામે વોટ મળે છે. ત્યારે હાલ ગુજરાતમાં રૂપાલા વિવાદની આગ પીએમ મોદીના આગમન બાદ આપોઆપ શાંત થઈ શકે છે. બાકી રાજ્યોમાં જેમ પીએમનો પ્રચાર ચાલી રહ્યો છે એજ રીતે ગુજરાતમાં પણ પ્રચાર કરાશે. પ્રથમ ચરણના મતદાન બાદ પીએમ સાથે ભાજપના તમામ સ્ટાર પ્રચારકો ગુજરાત આવશે. તમામ કેન્દ્રિયો મંત્રીની સાથે ભાજપના તમામ મુખ્યમંત્રી ગુજરાતમાં પ્રચાર કરશે. ભાજપ ના સ્ટાર પ્રચારકો ગુજરાતમાં પણ જંગી જનસભા, રોડ શો, નુક્કડ સભા, ડોર ટુ ડોર પ્રચાર કરતાં દેખાશે. હાલ ગુજરાતના નેતાઓ પર દરેક બેઠક પર ૫ લાખ લીડથી જીતવાનું ટાર્ગેટ છે. ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ સતત તમામ સંબોધનમાં આ ટકોર કરી રહ્યાં છે. તેમણે આજે પણ સંબોધનમાં કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૨ ની વિધાસભા ચૂંટણીમાં કાર્યકર્તાઓની થોડીક આળસના કારણે ૧૮૨ બેઠકો વિધાનસભામાં ના જીતી શક્યા એનું મને દુઃખ છે. લોકસભા ચૂંટણીમાં સૌ સંપૂર્ણ નિષ્ઠા સાથે કામ કરશે તેવી મને આશા છે. તમારા બુથમાં તમે કોઈ પણ ચૂંટાયેલા નેતાને કામ સોપજો બધાએ કામ કરવું પડશે.






## ભુવાએ તાંત્રિક વિધિના બહાને ૧૪ લાખ પડાવી પરિણીતા પર દુષ્કર્મ આચર્યું

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

સુરતના સરથાણામાં મહિલા સાથે દુષ્કર્મની ઘટના પ્રકાશ માં આવી હતી.. સરથાણા વિસ્તારમાં આવેલ પ્રમુખ પાર્ક સોસાયટીમાં રહેતા ભુવાએ તાંત્રિક વિધિના બહાને મહિલા પાસેથી ટુકડે ટુકડે ૧૪ લાખ રૂપિયા પડાવી લઈ છેલ્લા બે વર્ષ દરમિયાન અવારનવાર પરિણીતા પર બળાત્કાર ગુજારતા આખરે ભોગ બનનાર પરિણીતાએ આ મામલે સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે પરીણીતાની ફરિયાદને આધારે નરાધમ ભુવા ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અંધશ્રદ્ધનો ફાયદો ઉઠાવી અનેક લોકો સાથે છેતરપીંડી કરવામાં આવતી હોય છે. તાંત્રિક ભૂવાઓ વિધિના બહાને માસૂમ લોકોનો લાભ ઉઠાવી તેમની સાથે છેતરપિંડી તેમજ દુષ્કર્મ આચરતા હોય છે. તાજેતરમાં આવી જ એક ઘટના સુરતના સરથાણા વિસ્તારમાં સામે આવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨